॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

એપ્રિલ ૨૦૧૫

રૂા. ૫/૦૦

## શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી (૧૫) મહોત્સવ માંડવી
















શ્રી નરનારાયણદેવ ફૂલડોલોત્સવ, નારણપર (ની.વા.)







શીશલ્સ માહેમાં નવા મકાનનું વાસ્તુપૂજન, શ્રી સ્વા. મંદિરનું ખાતમુહૂર્ત કરાવતા મહંત સ્વામી આદિ સંતો.
પ્રાતકાળે મહાપૂજા કરતા ભકતગણ તથા રાત્રી સત્સંગ સભા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૪ - એપ્રિલ – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

આપણે સૌ માનવ છીએ પરંતુ માનવીય સંબંધોનાં મૂલ્યને કેટલા લોકો જાળવી શક્યા છે ? કુટુંબીજનો સાથેનાં સંબંધોમાં લાગણીની ભીનાશ અને આત્મીયતાનો અભાવ જોવા મળે છે. સત્તા, સમૃધ્ધિ, પદવી, પ્રતિષ્ઠા, પ્રસિધ્ધિ અને પૈસાની પ્રાપ્તિ પાછળ પાગલ થયેલો માનવ અનૈતિક આચરણ કરતાં અચકાતો નથી. આધિ, વ્યાધિ અને ઉપાધિમાં એવો તો અટવાઈ જાય છે કે પોતાનું સાહજિક જીવન પણ જીવી શકતો નથી. ઉરમાં ઉમટતા આનંદની અભિવ્યક્તિ પણ કરી શકતો નથી. આવી પરિસ્થિતિનું નિર્માણ થવાનું મુખ્ય કારણ છે સત્સંગનો અભાવ. જેમ જેમ માનવ સત્સંગથી દૂર  થતો જાય છે તેમ તેમ જીવનનો આનંદ અને આત્મીજનોનો પ્રેમ અને હૂંફ ગુમાવતો જાય છે. આવી પરિસ્થિતિ ટાળવાનો સરળ, સુંદર અને સહજ ઉપાય છે સંત સમાગમ. આપણા સંતો તો પરહિતકારી વાત્સલ્યમૂર્તિ છે. સત્સંગી હરિભક્તોનાં દુઃખ દૂર કરી પ્રભુપારાયણ અને સદ્‌ભાવયુક્ત જીવન જીવવાની સાચી દિશા ચીંધનારા છે. આડંબરનો અંચળો દૂર કરી નિખાલસ જીવન જીવવાના પાઠ શીખવે છે. સંતો જીવનની પાઠશાળાના સાચા શિક્ષકો છે. સંતો આપણા અંતરાત્માને ધર્મ તરફ વાળે છે. ધર્મ સારી વાત શીખવાડે છે કે  આપણા કર્મો સત્કર્મો હોવા જોઈએ અને ઈચ્છા દુષિત ન હોવી જોઈએ. ઈચ્છાને ઈશ્વર તરફ વાળી દો. ઈચ્છા ઈશ્વર સાથે જોડાશે તો આપણે વિચારશું કે પૈસા કમાયા બાદ પૈસાનો  સદુપયોગ કરવા કોઈ સારું કામ કરીશ, થોડી સેવા કરીશ, કોઈને છેતરીશ નહીં, કોઈનો વિશ્વાસઘાત નહીં કરું, જૂઠું નહીં બોલું, અપરાધ નહીં કરું. આવા વિચારો સંત સમાગમથી જ શક્ય બને.  સંત સમાગમ અને સત્સંગ દ્વારા શ્રીજી પ્રત્યેની ભક્તિમાં દઢતા આવે છે. સમર્પિતભાવ અને શ્રધ્ધા બળવત્તર બને છે. માનવ માનવની નજીક આવે છે. માનવ માનવના અંતર વચ્ચેનું અંતર ઓછું થાય છે અને પરસ્પર પ્રેમ, લાગણી અને નિખાલસતામાં વૃધ્ધિ થાય છે. આવું બને તે માટે એક બીજાને મળવું આવશ્યક છે અને તે માટે જ ઉત્સવોને  પ્રાધાન્ય અપાય છે.

આ માસમાં જ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે અને હરિભક્તોનો માનવ મહેરામણ ભક્તિરસમાં તરબોળ થઈ ઉત્સવના રંગમાં રંગાઈ જવાનો લ્હાવો લેશે. બાલ્યાવસ્થા જેવી માસૂમિયત, નિખાલસતા, નિર્દોષતા અને નિઃસ્વાર્થપણાના ભાવ આ ઉત્સવમાં અનુભવાશે. મનની મોકળાશ સાથે સૌની આંખોમાં શ્રધ્ધા, નિષ્ઠા અને ભક્તિની ચમક સાથે ધન્યતાના ભાવ જોવા મળશે. વ્યાધિના  વમળમાં ફસાયેલો માનવ અવસરના આનંદમાં સર્વે સંતાપને વિસારી દેશે અને ભક્તિભાવ સાથે ઉત્સવમાં ભાગ લેશે. સંતોના સાંનિધ્યથી હૃદયમાં શીતળતા અનુભવાશે.

શાસ્ત્રોક્ત આજ્ઞાનુસાર માંગલિક કાર્યો કરવા માટે શુભ મુહૂર્ત અને શુભ દિવસ જોવાની પરંપરા છે. પરંતુ આ માસમાં એક દિવસ એવો આવે છે જે અતિ પવિત્ર અને શુભ છે. આ દિવસે કોઈ પણ સારાં કાર્યો કરવા માટે મુહૂર્ત કે ઘડી જોવાની જરૂરિયાત રહેતી નથી અને આ દિવસ છે અક્ષયતૃતિયા. લોકબોલીમાં તેને ‘અખાત્રીજ’ નામ અપાયું છે. વૈશાખ સુદ ત્રીજનો દિવસ ખૂબ જ શુભ-લાભદાયી અને શુકનવંતો દિવસ છે. આ દિવસે દાન અને પિતૃતર્પણનો મહિમા છે. આ દિવસે કરેલાં કર્મોનું ફળ કે પુણ્ય અવિનાશી છે. અર્થાત તેનો ક્ષય થતો નથી. અક્ષયકાળ સુધી ટકી રહે છે. તેથી આ દિવસ અક્ષય-તૃતિયા તરીકે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આપનાં સર્વે શુભ સંકલ્પો અક્ષયતૃતિયાના શુભ દિવસે પરિપૂર્ણ થાય તેવી શુભભાવના  સાથે જય શ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૪૧

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



**ઐતરેય ઉપનિષદ્ :**

**સર્ગવિદ્યા-વિશ્વોત્પત્તિવિદ્યા (વિશ્વની ઉત્પત્તિનો ક્રમ)**

ઐતરેય ઉપનિષદ્ ઋગ્વેદ સંબંધિત છે. આ ઉપનિષદ્‌માં ત્રણ અધ્યાયો છે. ઋગ્વેદના ઐતરેય આરણ્યકના બીજા ભાગના ચોથા,પાંચમા અને છઠા અધ્યાયમાં બ્રહ્મવિદ્યાની પ્રધાનતા હોવાને કારણે આ ઐતરેયને ઉપનિષદ્ માનવામાં આવ્યું છે. આ ઉપનિષદ્ ત્રણ અધ્યાયોમાં વહેંચાયેલું છે. તેમાં પ્રથમ અધ્યાયમાં ત્રણ ખંડો છે અને બીજા બે અધ્યાયોમાં એક એક ખંડ આવેલો છે. સૃષ્ટિસર્જનના તત્ત્વજ્ઞાનના વિષયમાં આ ઉપનિષદ વિશેષરૂપથી સંસારમાં પ્રસિદ્ધિ પામ્યું છે.

**ઉપનિષદનો વિષયઃ-**

સ્વયં પરમાત્માએ જેનું સર્જન કર્યું છે એવી સૃષ્ટિની ઉત્પત્તિનું દર્શન કરાવતું આ ઉપનિષદ્ સર્ગવિદ્યાનો આ શ્રેષ્ટ જ્ઞાનનો ખજાનો છે. આ દૃશ્યમાન જગતથી પહેલાં જ્યારે કાઈ જ ન હતું ત્યારે એક બ્રહ્મ અર્થાત્ પરમાત્મા જ હતા. અનંત કાળથી માયાને વિષે રહેલા અનંત જીવાત્માઓના કલ્યાણ અર્થે પરમાત્માએ જગતની સૃષ્ટિ કરવાનો સંકલ્પ કર્યો અને ક્રમશઃ સૃષ્ટિનું સર્જન થયું તેમાં જીવાત્માઓ પોત-પોતાના કર્મપ્રમાણે તે તે યોનિમાં જન્મ ધારણ કરીને જીવન જીવવા લાગ્યા. તે જીવાત્માઓના જીવન ઉપયોગી સહાયભૂત પદાર્થોનું પણ સર્જન કર્યું આવું અદ્‌ભુત વર્ણન આ નાના એવા ઐતરેય ઉપનિષદ્‌માં વિસ્તારપૂર્વક જોવા મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વિષયને વચનામૃત પ્રથમનાં ૧૨માં કહે છે કે- **" અને જ્યારે એ સર્વે બ્રહ્માંડનો પ્રલય થાય અને ત્યારે એ સર્વ જીવ છે તેતો માયાને વિષે રહે છે અને જે ભગવાનના ભક્ત છે તેતો ભગવાનના ધામમાં જાય છે."** જ્યારે સંસારનો આત્યંન્તિક પ્રલય થાય છે ત્યારે સંસારમાં રહેલા તમામ બદ્ધ જીવાત્માઓ પુનઃ સૃષ્ટિનું સર્જન ન થાય ત્યાં સુધી માયાના ઉદરમાં લીન રહે છે. પુનઃ સૃષ્ટિરચનાના સમયે જેના જેવાં કર્યો તે પ્રમાણે તેને જન્મ મળે છે. ઉપનિષદ્‌ના આ વિસ્તૃત સિદ્ધાન્તને શ્રીજી મહારાજે વચનામૃતમાં સંક્ષેપમાં અને સરલ શબ્દોમાં બતાવ્યો છે.

તેવી જ રીતે મુખ્યતઃ આ ઉપનિષદ્‌માં સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ, મનુષ્ય શરીરની ઉત્પત્તિ, અન્નની ઉત્પત્તિ તથા શરીરમાં આત્માને પ્રવેશ કરવાનો

માર્ગનો સરસ રીતે પરિચય તેમજ ઉપદેશ આપવામાં આવ્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન અલગ અલગ વચનામૃતમાં સૃષ્ટિના એક એક અંશની ઉત્પત્તિનો બોધ આપ્યો છે. કારણ કે જેવો પ્રશ્નનો પ્રસંગ નિકળે તેવી રીતે બોધ આપ્યો છે જેમ કે કોઇ વચનામૃતમાં ચોવિશ તત્ત્વોની ઉત્પત્તિ અને તેનાં લક્ષણો બતાવ્યાં છે તો કોઇક વચનામૃતમાં પંચવિષયની, તો કોઇક વચનામૃતમાં પંચભૂતોનો ઉત્પત્તિ ક્રમ બતાવ્યો છે. તો ક્યાંક ઇન્દ્રિયોની ઉત્પત્તિ અને તેના વિષયનો ઉત્ત્પત્તિ ક્રમ બતાવ્યો છે. પ્રથમના બારમા વચનામૃતમાં બ્રહ્માંડની ઉત્પત્તિનો બોધ આપતાં કહે છે કે - " એને એ જે સર્વે તેની ઉત્પત્તિ જાણવી, તે ઉત્પત્તિ કહીએ છીએ જે, પોતાના ધામને વિષે રહ્યા એવા જે શ્રીકૃષ્ણભગવાન તે અક્ષરધામરુપે કરીને માયાને વિષે ગર્ભને ધરતા હવા, ત્યારે તે માયાથકી અનંત કોટી જે પ્રધાન અને પુરુષ તે થતા હવા, તે પ્રધાન પુરુષ કેવા છે તો અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ છે, તે મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ જે પ્રધાન પુરુષ તેને કહીએ છીએ જે, પ્રથમ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણભગવાન તે પુરુષરુપે કરીને પ્રધાનને વિષે ગર્ભને ધરતા હવા, પછી તે પ્રધાનથકી મહત્તત્ત્વ ઉત્પન્ન થતું હવું અને મહત્તત્ત્વથકી ત્રણ પ્રકારનો અંહકાર ઉત્પન્ન થતો હવો. તેમાં સાત્ત્વિક અહંકારથકી મન અને ઇન્દ્રિયોના દેવતા ઉત્પન્ન થતા હવા અને રાજસ અહંકારથકી દશ ઇન્દ્રિયો બુદ્ધિ અને પ્રાણ ઉત્પન્ન થતા હવા અને તામસ અહંકારથકી પંચ ભૂત અને પંચ તન્માત્રા એ ઉપજતાં હવાં એવી રીતે એ સમગ્ર તત્ત્વ ઉપજ્યાં.

પછી તે પરમેશ્વરની ઇચ્છાએ પ્રેર્યા થકાં પોતપોતાને અંશે કરીને ઈશ્વર અને જીવના દેહને સૃજતા હવાં," આવી રીતે આ વચનામૃતમાં શ્રીજી મહારાજે પરમાત્માને બ્રહ્માંડના સર્જક કહીને ઉપનિષદના સિદ્ધાન્તને વિષેષ સ્પષ્ટ કર્યો છે. તેથી જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ પરમાત્મા નારાયણ જ છે તેવો સિદ્ધાન્ત સ્પષ્ટ થાય છે.

**આ ઉપનિષદની સર્ગવિદ્યા સમજવા માટે વિશેષ વિચાર.**

સર્ગવિદ્યા એટલે આજના શબ્દોમાં કહીએ તો ઉત્ક્રાંતિવાદ. વિવિધ શાસ્ત્રોમાં જગતની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિની પ્રક્રિયા બતાવી છે તેવી જ રીતે અર્વાચિન ચિંતકોએ પણ પોતાનું મંતવ્ય બતાવ્યું છે. ભારતીય દર્શનોમાં જગતની સર્જનની પ્રક્રિયા સમજવા માટે પ્રયત્ન કર્યો છે. વેદથી આરંભીને અત્યાધૂનિક વિદ્વાનોના દર્શન સુધી સર્વત્ર સર્ગવિદ્યા અર્થાત્ જગતની ઉત્પત્તિનો વિચાર કરવામાં આવ્યો છે. વેદોમાં પુરુષસૂક્ત અને દર્શનોમાં સાંખ્યશાસ્ત્રમાં વિશેષ વિચાર જોવા મળે છે. તેમજ પ્રાશ્ચાત્ય વિદ્વાન્ ડાર્વિન પણ આ સર્ગવિદ્યા ઉપર પોતાની વિચારધારા **'મંકી ટુ મેન'** અર્થાત્ મનુષ્યના પૂર્વજો વાંદરા હતા. આવો પણ એક દૃષ્ટિએ અબધ વાદ વહેતો મૂક્યો.

ઋગ્વેદના દશમા મંડલમાં નેવુંમું સુક્ત જે પુરુષસૂક્ત નામથી પ્રસિદ્ધ છે તેમાં સર્ગવિદ્યાનું વિશેષ અને સ્પષ્ટ વર્ણન કર્યું છે. પુરુષસૂક્ત અથર્વવેદ, સામવેદ અને તૈત્તિરીય આરણ્યમાં પણ જોવા મળે છે તેમાં મંત્રોનો ક્રમ કંઇક જુદા ક્રમમાં છે. ઋગ્વેદના સોળ મંત્રોમાં સર્ગવિદ્યાનું વિશાળ વટવૃક્ષ વિકસ્યું છે. અને અનેક શાખાપ્રશાખારૂપે દર્શનોમાં ફેલાયેલું છે. ભાગવત પુરાણમાં (સ્કંધ-૨. અ- ૫/૬; સ્કંધ -૩ અ. ૫/૬) સર્ગવિદ્યાનું વિશદવર્ણન જોવા મળે છે.

શ્રીમદ્ભાગવતની સૃષ્ટિપ્રક્રિયા વિશેષતઃ પુરુષસૂક્તને અનુસરે છે અન્ય પુરાણોમાં પણ સૃષ્ટની ઉત્પત્તિનો ક્રમ જોવા મળે છે. **ક્રમશઃ**

# જગજીવન પહેલા અમારા શિષ્ય થાઓ !!

અહેવાલ :- રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા, સુરત(વેળાવદરવાળા)

ભુજના જગજીવન મહેતા અને મહારાજની વાતો શાસ્ત્રોમાં ઘણી જ લખાયેલી છે. જ્યારે શ્રીહરિ ચરિત્રામૃત સાગરમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીના શિષ્ય આધારાનંદ સ્વામીએ બે બાબતો નવીન લખેલી છે . કદાચ મોટેરા સંતો જેમણે આગળ ચરિત્રામૃતનું વાંચન કર્યુ હોય તો તે તેમને ખ્યાલ હશે. શ્રીહરિ શરૂઆતમાં જ્યારે ભુજ નગરમાં પધાર્યા ત્યારે ત્યાંના પ્રેમી હરિભક્તોના આગ્રહથી દિવાળી અન્નકૂટનો ઉત્સવ કરવા રોકાઈ ગયા. તે વખતે ધનતેરસે ઉત્સવ ઉપર ઘણાંજ સંતો હરિભક્તો આવેલા હતા ત્યારે સાંજે સભા થઈ તેમાં ભુજ નગરના મોટા મોટા માણસો શ્રીહરિના દર્શન કરવા આવેલા ત્યારે ભુજનો દિવાન નાગર જગજીવન પણ દર્શન કરવાને બહાને આવીને શ્રીહરિની પાસે આવીને બેસી ગયેલા. તેના મનમાં એક ખતરનાક અતિ ગર્વ હતો.તે મંડપમાં શ્રીહરિ આગળ મોટી સભા દેખીને બધા જ સ્ત્રી પુરુષો અલગ અલગ રીતે બેઠા હતા. સંતોના મંડળો એક ધ્યાનથી બેઠા હતા. કોઈ પરસ્પર બીજી વાત કરતા ન હતા. કીર્તનો ગવાતા હતા. બધાને શ્રીહરિમાં એક તાન હતું. જેટલા હરિભક્તો હતા તે સંસારી હતા તે બધા બાઈ ભાઈઓ શ્રીહરિના વચન પ્રમાણે બંધાઈને રહેતા હતા. તે જોઈને આશ્ચર્યચકિત થઈ ગયેલ.

તે નાગર જગજીવન બધાને વારંવાર પૂછતો તો કહેતા કે જ્યાં સુધી શ્રીહરિ ઘરસંસારમાં રાખશે ત્યાં સુધી રહીશું. હવે પછી જેવી આજ્ઞા કરશે તે પ્રમાણે એમો તત્કાલ કરીશું. અમો જ્યારે શ્રીહરિની આજ્ઞામાં રહીએ છીએ ત્યારે અમારા મનમાં ઘણો જ આનંદ રહે છે. શ્રીહરિની આજ્ઞામાં રહેવાનું આવું સુખ છે અને સંસાર તો અમને લુખો ખસાર લાગે છે અને ક્યારેય શ્રીહરિનું વચન લોપાય ગયુ હોય તો અમારા મનમાં અત્યંત સંતાપ થાય છે. જ્યારે સર્વે બાઈ ભાઈના મુખથી આવી વાત સાંભળી ત્યારે તે દુર્જનના મનમાં ઘણી જ બળતરા થયેલી. એણે મનમાં વિચાર્યું કે આમાં કાંઈ જાદુ ચમત્કાર દેખાય છે. સહજાનંદના નામમાં કોઈ જાદુ દેખાય છે. હવે હું ઠેકઠેકાણે સહુના નામ સહજાનંદ રાખું તેનાથી તેના નામનો પ્રતાપ ઊડી જશે.

એટલી વાત કહ્યા પછી આધારાનંદ સ્વામી લખે છે કે જગજીવનને એક બહેન હતી.(બીજા શાસ્ત્રોમાં સત્સંગના ભાવવાળી તેમની પત્ની પ્રભાવતી નામે હતી જેણે મહારાજને બેસવા મેનો મોકલેલો તેમ લખ્યું છે.) તે ભાઈ જગજીવન દુષ્ટ આચરણ જોઈ ભાઈનું કશું માનતી નહી. આ વાત નવીન છે. પછી સ્વામી લખે છે કે જગજીવન બ્રાહ્મણ હોવા છતા શક્તિપંથી હતો. ઉપરથી માત્ર શૈવ હતો તેમ શિવનો ભક્ત દેખાતો હતો. તે સભામાં શ્રીહરિને કહે છે કે તમો બ્રહ્મચારીની દીક્ષા લીધી છે. અને રાજાધિરાજ થઈને બેઠા છો. તમારી પાસે કોઈ ગામ ગરાસ તો નથી છતાં રાજાના જેવો ઠાઠ કરીને બેઠા છો છતા તમારા વચનને તમારા જેવા લોકો રાજાની અજ્ઞા કરતાં પણ વધારે માને છે. તમારામાં એવો ક્યો પ્રતાપ છે ? તમો બીજા મતો પંથો કરતાં તમારો મત વધારે સફળતા પૂર્વક ચલાવી રહ્યા છો. તમારા મતની આગળ બીજા મત સંપ્રદાયો ઝાંખાપડી ગયા છે છતાં તમોને કોઈ રાજા પૂછતા નથી. તો તમો (શ્રીહરિ) મને (જગજીવને) તમારી કરામત જાદુ હોય તે બતાવો.

ત્યારે શ્રીહરિ તે નાગર જગજીવને કહે છે કે હે નાગર જગજીવન પહેલાં તમો અમારા શિષ્ય થાઓ પછી તમોને અમારી કલા કરામત બતાવીએ. અધર્મ

માર્ગના દોષ છે તે બધાને અમે તજી દીધા છે. જે લોકો સીધે માર્ગે ચાલે છે તેમને અમારામાં કોઈ બાધ દેખાતો નથી. જે કોઈ અમારામાં શાસ્ત્રની રીતે બાધ દેખાડે તો અમે તેની વાતને પ્રેમથી સ્વીકારીશું. શાસ્ત્રોની અને લોક મર્યાદાથી વિપરીત જે બાબત હોય તેને અમે દૂર છોડી દીધી છે અને તેને લીધે જ અમારો માર્ગ અત્યારે સર્વોપરી છે. વર્ણોની અને આગમોની સારામાં સારી રીતને લઈને અમો લોકોને તે પ્રમાણે પ્રેમથી ચલાવીએ છીએ. જે ધર્મમાં ચાલે છે તે જ કરીએ છીએ. જ્યાં સુધી ધર્મ માર્ગનો લોપ નથી કરતા ત્યાં સુધી તે શુધ્ધ માર્ગે ચાલ્યા જાય છે. જ્યાં સુધી કોઈને ધર્મ પાળવાનું ગમે છે ત્યાં સુધી દીનપ્રતિદીન તે આગળ વધતો જાય છે. તેને કોઈ પણ લોહી કે રોકી શકતો નથી. આ ધર્મમાર્ગને લોપવાનો રોકવાનો કોઈ મનમાં સંકલ્પ કરશે તેનો ઉચ્છેદ વિનાશ થઈ જશે. એવું અમે નક્કી ઠેરાવ્યું છે. આ ધર્મ માર્ગને દેખીને જે કોઈ તેને મન કર્મ વચને નમી જશે તે દિનપ્રતિદિન વૃધ્ધિ પામશે. આર્થાત્ વધતા વધતા એકદમ અત્યંત વધી જશે જે રાજા નીતિને માર્ગે ચાલશે તે રાજાની અભિવૃધ્ધિ દિનપ્રતિદિન અધિક થાશે અને જે રાજા અનીતિ કરશે તો ઘટતા ઘટતા તે અત્યંત ઘટી જાશે. આમ આવા શ્રીહરિના વચનો સાંભળી મહાન અસુર જગજીવન ધુંઆફુંઆ થતો પોતાને ઘેર ગયો પણ તેણે અનીતિ પાપનો વધુ પડતો આરંભ કરેલો. સહુ અસુરો દ્વેષીઓને એક કરી વૈરાગીઓને આગળ કરી ધર્મ માર્ગમાં શ્રીહરિનો દ્રોહ જેટલું પોતાનું ચાલે તેટલું કરવા લાગ્યો. આ બાજુ સંતો ક્ષમાના શસ્ત્રથી ટૂંક સમયમાં તેનો વિનાશ થયો ભલે ગમે તેટલા અસુરો મળી એકસુર થઈ દ્વેષ કર્યો પણ કાંઈ ચાલ્યું નહિ.

આમ શ્રીહરિએ જગજીવનને કહ્યું કે પહેલા અમારો શિષ્ય થા પછી કરામત-જાદુ બતાવીએ તે વાત અને તેમની બહેન જગજીવનને દુષ્ટતાભર્યું આચણથી ખફા હતા તે વાત બે વાત આ શાસ્ત્રમાં નવી છે. જોકે આ શાસ્ત્રમાં હતી પણ ઓછી પ્રસિધ્ધિને પામી હતી.

---

# સંતની સહનશીલતા

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, માનકુવા (ભક્તિનગર)

આપણા સંપ્રદાયનો પાયો સહનશીલતા પર રચાયેલો છે. ભગવાન સંતોને કહેતા કે આપણે બધાનું કલ્યાણ કરવા આવ્યા છીએ. કોઈ તમને તાડન, તિરસ્કાર કરે એ સહન કરજો. કોઈ દુર્જન તમને ગાળો દે તો સાંભળી લેજો. એમનું હિત થાય એવો સંકલ્પ કરજો. આવું ભાતુ ભગવાને સંતોને આપ્યું.

એક ખેતરમાં ખેડૂત વૈશાખ મહિનામાં હળ હાંકતો હતો. સંતને વિચાર થયો આને ઉપદેશ તો આપવો છે પણ ક્યારે આપવો ? ખેડૂતના હળની સાથે સાથે આ સંત ચાલવા લાગ્યા. હે ભાઈ ! જો તો ખરો. આ બિચારા પશુ એ અજ્ઞાની છે. તે હળમાં જોડ્યાં છે. તું પણ પરિશ્રમ કરે છે. આ જન્મ-મરણનો ચકરાવો છે. હું તને ઉપદેશ દેવા આવ્યો છું. હે ભાઈ ! અત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાં છે. એમનું ભજન કરીલે અને આ ભવતરી જાઓ. ખેડૂત બોલ્યો, જાવને અહીંથી બાવા. સંતનું અપમાન કર્યું. સંતને થયું કે ભલે મારું અપમાન કર્યું પણ મને ભગવાનનો ભક્ત બનાવવો છે. એ ભલે ખીજાય. કંટાળે પણ હું નહિ ખીજાઉં. પાંચ-સાંત વખત ખેડૂતને કહ્યું, પણ પેલા ખેડૂતે સંતને ગાળો દીધી. અને અકળાઈને હાથમાં લાકડી હતી તે સંતના માથા પર મારી. અને સંતના માથા પર લોહીની ધાર થઈ. સ્વામિનારાયણ બોલતા સંત

ચાલતા થયા. બીજા સંત ભેળા થયા. અરેરે સ્વામી ! આ શું થયું. કપડું સળગાવી ત્યાં દબાવ્યું. લોહી બંધ થઈ ગયું. સામે કોઈ ગૃહસ્થ મળ્યા. સ્વામી આ શું થયું ? સંત કહે ચાલતા ચાલતા જરાક પડી ગયો છું. જોઈ લો સંતની આ સાધુતા, આ સહનશીલતા. ગામને ચોરે સંત પહોંચે છે. માથે રૂ દબાવેલું છે. અને ગામને ચોરે ગયા. અને એજ ખેડૂત ચોરે બેઠેલો. મોઢામાં હોકો અને વાતો કરતો હતો. આજે કોઈ એક બાવો આવેલો સ્વામિનારાયણનું ભજન કર. મેં તેને લાકડી મારી. નીચું જોઈને ચાલતો થઈ ગયો. પાછું વાળીને જોયું નહિ. એને બોલવું અને સંતને આવવું. પટેલ ! કંઈ વાંધો નહી. તે લાકડી મારી એનું મને દુઃખ નથી. જો ફરીથી આવ્યો છું. એજ વાત તને કહેવા માટે આવ્યો છું. તું પ્રભુ ભજી લે. સંતે ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને કેટલાય પ્રભુભક્ત બન્યા. જેણે લાકડી મારી હતી તે સંતના પગ પકડીને રડ્યો. માફ કરજો મહારાજ હું પાપી જીવ છું. સંત કહે હેવા તારા પાપ ધોવાઈ ગયા. એના કંઠમાં કંઠી આવી. હૈયામાં સ્વામિનારાયણનું નામ આવ્યું.

સજ્જનો ! આ આપણા ભુજ મંદિરમાં દરબારમાં બેઠેલા સંતોના પ્રતાપે સુખી છીએ. સંતોએ સરસ પાળ બાંધી છે. આપણા ભાગે શ્રમ ક્યાં છે ? સંતો ગામડે ગામડે ફરીને બધાને ઉપદેશ આપે છે. પણ આપણને ઉપદેશ લેવાનું ટાઈમ નથી. કેટલો બધો દાખડો કરે છે.

સંતનું કોઈ દિવસ ઘસાતું બોલવું નહિ. સંતની નિંદા ન કરવી. સંતો આપણા મા-બાપ ગુરુ સમાન છે.

---

# નશો તો ભક્તિનો જ કરવો

અહેવાલ :- હિમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી - શ્લોક ૧૫નો ભાવાર્થ :-**

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પ્રબોધે છે કે, જે માંસ યજ્ઞ કર્યા પછીનું શેષ રહેલું હોય તો તે પણ કોઈ રીતે ખાવું નહિ તથા દેવતાના નૈવેધ નાં હોય તો પણ સુરા તેમજ મદ્ય પીવા નહિ.

આ સિધ્ધાંતના મૂળમાં જઈએ તો ભારત દેશની ગ્રામ્ય પ્રજાની બોલીમાંના બે બોલ જ યાદ કરીએ જે આ વ્યાપક સિદ્ધાંતના બીયારણ સમા છે.

જેવો આહાર તેવો ઓડકાર, જેવું અન્ન તેવું મન, જેવું મન તેવું તન ને, જેવું મનને તન તેવો વ્યવહાર.

આજે હજારો વર્ષોથી કરોડો અશિક્ષિતને સાદા, સીધાને સરળ ગ્રામ્ય લોકોમાં આવા વિચારોનાં બીયારણ સામજિક વ્યવહારમાંથી મબલખ પાક લણી આપતા હતા. પરંતુ વૈચારિકને આચારિક પરિવર્તનના પ્રદુષણે આ ઉત્તમોત્તમ જડોને પણ ઝકઝોડી નાખી છે. પરિણામે - Eat, drink and be marry - ખાઓ પીઓને મજા કરો જેવા માત્ર પેટ ગધાયા વિચારોને વર્તનો ઉધઈના રાફળા બની સ્વસ્થ સમાજનો કબજો કરી ગયા છે. તેથી જ શ્રી સહજાનંદ સ્વામી મહારાજે જગતના શ્રેષ્ઠતમ ગણાઈ રહેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મૂળભૂત ગાઈડ બુક મનાતી શિક્ષાપત્રીમાં તેમની સાથે તમામે તમામ સત્સંગીઓને આહારવિહારની ઉત્કૃષ્ટ 'ટીપ્સ' આપી છે.

તેમની સાથે જોડાયેલા સૌ આશ્રિતો વૈષ્ણવો છે અને તેમનો ધ્યેય છે મોક્ષમાર્ગે આગળ વધવાનો. તો પ્રત્યેક આશ્રિતનું જીવન શુધ્ધ, સાત્ત્વિક, સરળ, સ્વસ્થને આધ્યાત્મના રંગોથી રંગાયેલ મનભાવન તથા રંગીન થતાં થતાં આપો આપ ધામમાં તેમની

બેઠકને 'રીઝર્વ' એટલે કે સુરક્ષિત કરાવી લે તેવી માર્ગદર્શિકા તેમણે આપી છે.

ચાલો આપણે પણ શ્લોક ૧૫માં શું ગ્રાહ્ય, શું નિષેધ ને શા માટે ? તે તેમની જ આજ્ઞામાં જાણી લઈએ. સૌ પોતપોતાના મનમા દૃઢ પણે નોંધજો ને આચરણમાં ઉતરે તેવી જહેમતને પ્રાર્થના પણ કરજો.

- માંસાહાર ન જ કરવો.
- હિંસામય યજ્ઞો ન જ કરવા.
- કોઈએ પણ કરેલા યજ્ઞ કે શ્રાધ્ધમાં હિંસામાં સહભાગી ન થવું.
- કોઈ પણ દેવ-દેવી તથા પિતૃઓના પૂજન પછીનું માંસ કે માંસ જેવા પ્રદાર્થો પ્રસાદ તરીકે પણ ન જ લેવા.

**આવા આદેશ આપવાનું કારણ પણ જાણી લઈએ :**

શાસ્ત્રોક્ત આધારે ઋગ્વેદનો ઐતરેય બ્રાહ્મણ, યજુર્વેદનો શતપથ બ્રાહ્મણ, મહાભારતનો અનુશાસન પર્વ, મનુસ્મૃતિના રચયિતા મનુ મહારાજે સૌએ માંસ ભક્ષણની હાડોહાડ ટીકા કરી વર્જ્ય સિધ્ધ કર્યું છે.

માંસ પશુ, પક્ષી ઈત્યાદિમાંથી મળે છે ને તેમની હત્યાની અનુમતિ આપનારા તેમની વાઢકાળ કરનારા કસાઈઓ, વેચનાર વેપારીઓ, દલાલો, ખરીદનારાઓ, પકવનારાઓ બધા જ ઘાતકી મનાયા છે. પ્રાણીઓને માર્યા વગર માંસની ઉત્પત્તિ થતી જ નથી.

આધ્યાત્મના વિદ્વાનો એવું પણ પ્રબોધે છે કે માંસ શબ્દનું નિરૂક્ત એવું છે કે, માં + સઃ જેનું તું હમણાં ભક્ષણ કરે છે. તે અન્ય જન્મમાં તારું ભક્ષણ કરશે એ માંસનું માંસત્ત્વ છે.

ચિંતકો એવા દિવ્ય વિચારોને પ્રસરાવે છે કે, દર વર્ષે એક અશ્વમેઘ યજ્ઞનું જેટલું પુન્ય મળે તેટલું માત્ર માંસ ન ખાનાર ને વગર યજ્ઞે મળે છે. કર્મ પુરાણ અને મહાભારતવાળા ભીષ્મ પિતામહ તો આ ચિંતનના મૂળમાં જ છે.

તદ્ઉપરાંત આ જ શ્લોકમાં નશો ચડાવનારી તમામે તમામ વસ્તુઓનો પણ ભારોભાર નિષેધ કરાયેલ છે. જેમાં પરાશર સ્મૃતિ, મનુસ્મૃતિ, બૃહદ વિષ્ણુ સ્મૃતિમાં નશો નિષેધ જાહેર કરી અગીયાર પ્રકારના નશા ન કરવાની શીખામણ અપાઈ છે. ત્યારબાદ તો આ દુર્લભ માનવ દેહને બરબાદ કરવા કાંઈ કેટલાય નશાઓની રાક્ષસી માયા વિસ્તરી છે.

પનસનું ફળ, દ્રાક્ષ, મહુડા, ખજૂર, તાડ, શેરડી, મધ, સિર વૃક્ષ, અરિઠા, વત્તા મૈરેય એટલે આસવ અને નાળિયેરી. વળી, પુલસ્ત મુનિના કથન પ્રમાણે સુરાપાન મહાપાપ છે. મનુ મહારાજે બ્રહ્મ હત્યાના પાપ સાથે સરખામણી કરી છે. બૃહદ્વિષ્ણુ સ્મૃતિ અને આદિત્ય પુરાણ સુરાપાનથી વિમુખ છે.

બાકી તો -

"શરૂમાં લથડિયાં ખાતો શરાબી,<br>
કહે, હું જ શરાબ પીઉં છું..!<br>
પછી, આદી શરાબીને શરાબ કહે,<br>
હવે હું તને પીઉં છું..!

અંતતો ગત્ત્વા,,, મનખા દેહને અનેકાનેક અસાધ્ય રોગનું વળગણ વળગી પડે...!

અરે ભાઈ ! નશો જ કરવો છે ને તને ભાઈ લા તો -

"અગર નશા હી કરના હૈ તો,<br>
સર્જનહાર કી ભક્તિ કા કરો.<br>
ઈશ્વકૃપા સે માનવ જન્મ પાયો હૈ,<br>
તો કુછ શર્મ-હયા ભી કરો...!"<br>
માયાવી સંસાર કો છોડકે ના ભાગો,<br>
શિક્ષાપાત્રી શીખાતી હૈ સીર્ફ જાગો...

# રોકડા રૂપિયાનું રહસ્ય

અહેવાલ :- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી

ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને સભ્યતાની રક્ષા મોટે ભાગે જે તે સંપ્રદાયના આચાર્યશ્રી, સંતો અને મહાપુરુષોએ જ કરી છે. આધ્યાત્મિકતા એ વિશ્વને ભારતનો વારસો છે, સાચો વારસો છે. આધ્યાત્મિક વિકાસ જેટલો ભારતની ભૂમિ પર થયો છે અને થાય છે, તેટલો જગતની કોઈ પણ ભૂમિ પર થયો નથી.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના 'સર્વજીવહિતકારી સિદ્ધાંતો'ને અનુલક્ષીને સમગ્ર વિશ્વને વિષે સદ્‌વિદ્યાનું પ્રવર્તન દેશ-વિદેશમાં વિચરણ કરીને આચાર્યશ્રી તથા સંતોએ કરવું એ ઘણું કઠિન કાર્ય છે. દુનિયાની માયાથી જળકમળવત્ રહીને આ સંતો પોતાના જીવનનો વિશેષ સમય ધર્મના પ્રચાર અને પ્રસાર માટે તેમજ આધ્યાત્મિક વિકાસ માટે વ્યતીત કરતા હોવાને લીધે તેઓ ખરેખર વંદનીય અને પૂજનીય છે.

પ.પૂ. આચાર્યશ્રીએ અનેકવિધ આયોજનો દ્વારા સંતોને અને વિદ્વાન વક્તાઓને પ્રેરણા આપી શ્રોતાજનોને તરબોળ અને તરબતર કરી હરિભક્તોનાં હૃદયોમાં ભક્તિરસનો ઝરો ભર્યો છે.

એક વખત કેટલાક સંતો એક ગામની બહાર એક ઘેઘૂર વટવૃક્ષ (વડલો) નીચે આવીને રહ્યા. ગામના માણસોને ખબર પડી કે સંતો વડ નીચે રાતવાસો રહેવાના છે. આથી ગામના આગેવાનોએ તેમનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને પ્રાર્થના કરી કે, "મહારાજ ! આ વડના વૃક્ષમાં એક જબરદસ્ત પ્રેત રહે છે. જેણે કેટલાયના ભોગ લીધા છે. માટે આપ સૌ ગામમાં પધારો."

આથી સંતોએ કહ્યું કે, "અમો પણ એક પ્રકારના પ્રેત જેવા જ છીએ. જો તે પ્રેત ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળશે તો તેનોય ઉધ્ધાર થઈ જશે."

એ દિવસથી આ ગામમાં એકધારો સત્સંગ થવા લાગ્યો. એક વખત એક ગૃહસ્થ સહકુટુંબ યાત્રા પ્રસ્થાનને દિવસે એક નાળિયેર અને એક રોકડો રૂપીયો લઈને સંતોના દર્શનાર્થે આવ્યા. અને કહ્યું : "બાપજી ! અમે સૌ યાત્રાએ જઈ રહ્યા છીએ, માટે આ ભેટ સ્વીકારી કૃતાર્થ કરો."

"ભાઈ ! મહારાજની દયા વગર આવો યોગ મળવો દુર્લભ છે. પણ તમારી એક વાત અમને ન ગમી."

"કઈ બાપજી ?" જિજ્ઞાસાવૃત્તિથી પટેલે પૂછ્યું.

"બીજું બધું તો ઠીક, પણ આ રૂપિયાની અહીં શી જરૂર હતી ? આનું (રૂપિયાનું) નામ શું છે તે તમે કોઈ જાણો છો ?"

જરા સ્મિત કરીને સ્વામી બોલ્યા : "ભાઈ ! અહીં જ તમે ભીંત ભૂલો છો ! એનું નામ તો સૌ જાણે છે, એનું નામ 'રૂપિયો' નહિ પણ 'રોકડો' છે. તમે 'રોકડા' શબ્દના બે ભાગ કરો. રો + કડા. એનો અર્થ એ થાય છે કે, જો કોઈ વિરક્ત ત્યાગી એને ગ્રહણ કરે તો તેને રોવું પડે, એટલે 'રો' ! અને પાછળથી 'કડા' એટલે કડક સજા સહન કરવી પડે. માટે આ રૂપિયો અહીંથી ઉપાડી લો. પણ પટેલનું મન ન માન્યું. પોતે ભાવથી ધરેલી ભેટ સ્વામીએ ગ્રહણ ન કરી તેથી તે ગળગળો થઈ ગયો.

સ્વામીએ તેના હૈયાને વાંચી લીધું, તેથી શાંતિથી કહ્યું : "તમે મને એક રૂપિયો આપ્યો છે તે હવે મારી માલિકીનો થઈ ગયો છે. હવે આ રૂપિયો કોઈ ગરીબને મારા વતી આપજો. પટેલ સમજી ગયા કે, સ્વામીના અદલ નિશ્ચયની બલિહારી છે !

કહેવાનું તાત્પર્ય એ છે કે સંતોમાં સામાના હૃદયને ઉકેલવાની અદ્‌ભુત શકિત હોય છે. આ શક્તિ ઈશ્વરી શક્તિ છે. આ ઈશ્વરી શક્તિ જેમને વરી હતી તે હતા સદ્‌ગુરુ સ્વામી નિત્યાનંદજી ! જેમનું વર્તન પણ વાતો કરતું હતું !

# કોણ કોને ચડાવે

અહેવાલ :- ગોર કૃપાબેન પ્રકાશભાઈ

એક રાજા ઉંમર થતાં ધર્મમાં મન પરોવવા લાગ્યા. મનમાં થયું કેમ ઘેર ભગવાનની કથા બેસાડું તેથી જીવનમાં પરિવર્તન આવે. ભગવાનની કથા પૂરી થઈ પરંતુ રાજામાં કંઈ ધાર્મિક પરિવર્તન થયું નહિ. તેમને થયું આ બધી ધાર્મિક વિધિ જ ખોટી છે.

આ વાત રાજા જે મહાત્મા, સાધુ, સંત મળે તેને કહે એક યોગ્ય મહાત્મા રાજા પાસે આવ્યા. એમની પાસે પણ રાજાએ કહ્યું, 'કથા નકામી છે કોઈ તરતું નથી. બધા જ ગપાટા છે. મેં સાત દિવસ એક ધ્યાને કથા સાંભળી છતાં કશું જ પરિવર્તન દેખાતું નથી. હતો ત્યાંનો ત્યાં જ છું.'

મહાત્માએ કહ્યું, 'એમ થવાનું કારણ હું જાણું છું તમારે જાણવું હોય તો મારી એક શરત તમને માનવી પડશે. રાજાએ કહ્યું : આપ જે કહો તે મંજૂર છે. તો એમ કરો રોજના થોડા કલાક માટે રાજ્ય મને સોંપી દો. રાજાએ એ રાજ સોંપ્યું.'

મહાત્માએ ગાદીએ બેસીને હુકમ કર્યો. આ રાજાને સામેના થાંભલા સાથે બાંધી દો. પછી હુકમ કર્યો જે બ્રાહ્મણ પાસેથી કથા સાંભળી હતી તેને હાજર કરો. તેમને પણ સામેના થાંભલા સાથે બાંધી દ્યો. રાજા અને બ્રાહ્મણ દોરડે બંધાયા. થોડા સમય પછી રાજાને તરસ લાગી કહ્યું પાણી આપો ભૂખ લાગી છે. એટલે મહાત્માજીએ ઠંડા પાણીના માટલાં, અનેક મીઠાઈઓ મંગાવ્યા. આગળ મૂક્યા તો કહે તરસ લાગી છે. મહાત્મા પીવે છે, બંધાયેલ છું. વક્તાને કહો તે પણ બંધાયેલ છે. પછી મહાત્માએ બંધાયેલા બ્રાહ્મણને હુકમ કર્યો કે તમે આ રાજાને છોડાવો, બંધનથી મુક્ત કરો. બ્રાહ્મણ કહે હું એમને કઈ રીતે બંધનથી મુક્ત કરું, હું જાતે જ બંધાયેલો છું. ત્યાં રાજાને કઈ રીતે છોડાવી શકું ?

મહાત્માએ રાજાને કહ્યું : 'રાજન્ ! તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને ? જ્યાં બ્રાહ્મણ પોતે જ બંધાયેલો છે ત્યાં બીજા બંધાયેલાને કઈ રીતે છોડાવી શકે ! મુક્ત હોય તે જ બીજાને બંધનથી મુક્ત કરી શકે. તારેલો તારી શકે, મુક્ત હોય તે જ બંધનથી મુક્ત કરી શકે.'

# માનવમાત્રનો એક દોષ અહંકાર

અહેવાલ -રમણિક ગોર, ભુજ

મિત્રો ! મનુષ્યમાત્રને અહંકાર દરેક કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઊભા કરે છે. આપણે સદ્‌ગ્રંથોમાંથી દૃષ્ટાંતરૂપ વાતોમાંથી પ્રેરણા લઈને આપણા જીવનમાંથી અહંકારને દૂર કરવાના પ્રયત્ન જરૂર કરી શકીએ. અને આપણને મળેલ મનુષ્યદેહ સાર્થક કરી શકીએ.

મિત્રો ! દેહના અંતે દરેક જીવાત્મા પોતાના કર્મ પ્રમાણે દેહને પામે છે. જે કાર્યભાર ભગવાનની આજ્ઞાથી ધર્મરાજા સંભાળે છે. દરરોજ અનેક જીવાત્માઓ ધર્મરાજાના દરબારમાં આવે, દરેકના કર્મો જોઈને જેને જેને જ્યાં જ્યાં જે જે જીવાત્માને મૂકવાના હોય તે મુજબ તે જીવાત્માને ત્યાં મોકલે છે.

એક સમયે ધર્મરાજાના દરબારમાં એવા બે જીવાત્મા એક સમયે આવ્યા, એક જીવ પૃથ્વીપર પુણ્ય, દાનાદિક કર્મો કરેલા, બીજા જીવે ચોરી આદિક પાપકર્મો કરેલા. ધર્મરાજાએ બંનેના ખાતા જોવારાવ્યા તેમના કર્મોનું અવલોકન કર્યું. બંને જીવાત્માઓને તે કર્મો

બતાવ્યા અને કહ્યું, તમારા કર્મો તમારી સામે છે, તમારે કાંઇ કહેવું હોય તો કહી શકો છો. ત્યારે પાપકર્મો કરેલ હતા તે જીવાત્મા ધર્મરાજાને દીનઆધિન થઇને કહે છે, હે ધર્મરાજ ! મેં જીવનમાં ઘણા પાપકર્મો કર્યાં છે, માટે તમો મને જે સજા કરવી હોય તે કરો હું ભોગવવા તૈયાર છું. જ્યારે પુણ્યકર્મો કરેલા જીવે પોતાના સત્કર્મોના અહંકારે કરીને કહે છે મહારાજ ! તમો તો જાણો જ છો કે મેં મારા જીવનમાં કેટલાય સત્કર્મો કર્યાં છે તો તે પ્રમાણે મારા માટે મારે યોગ્ય સુખ-સગવડની વ્યવસ્થા કરાવો.

ધર્મરાજા બંનેની ઇચ્છા સાંભળીને પાપકર્મો કરેલ જીવને આજ્ઞા કરે છે, તમારે આ પુણ્યશાળી જીવની સેવામાં રહેવું. ત્યારે તે જીવ નમ્રતાથી ફળરૂપ સજાને માથે ચડાવી. આવું સાંભળીને પુણ્યશાળી જીવના મનમાં ક્રોધ આવ્યો અને કહે છે મહારાજ ! આ દુષ્ટ પુરુષના સ્પર્શથી હું ભ્રષ્ટ થઇ જઇશ, મારા સત્કર્મો ખંડિત થઇ જશે, માટે તમો કાંઇક યોગ્ય કરો. ત્યારે ધર્મરાજા કહે છે, હે મહાત્મા આ જીવ જે તમે કહી રહ્યા છો તે તો નિર્માનીપણે અમારી આજ્ઞાને શિરોમાન્ય માનીને તમારી સેવા કરવા તૈયાર થઇ ગયા. અને તમે માત્ર તમારા કથનમાત્રથી અધુરા સત્કર્મોના અહંકારે તમારી દુર્ગતિને નોતરી છે. તમારી આ સાધના અધુરી છે તે પ્રમાણ થાય છે. માટે આજથી તમારે આ તમે જેને પાપી કહી રહ્યા છો તે જીવની સેવા કરવી એ જ તમારું ફળ છે.

મિત્રો ! આ દૃષ્ટાંત વાતથી આપણા જીવનમાં આવો અહંકારરૂપ દોષ ન આવે તેમજ દરેકમાં મારા ભગવાન રહેલા છે, દરેક જીવાત્મામાં ભગવાનના દર્શન કરી નિર્માનીપણે ભગવાનના ભક્તોની સેવા કરી આપણા જીવનને ધન્ય બનાવીએ એજ સાચી ભક્તિ અને સાચી સેવા છે. અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

---

# દયાળુની દયાનો પાર નથી

અહેવાલ :- કંચન આર.

એ ભક્તો કેવા ભાગ્યશાળી હશે કે જેને સાક્ષાત્ પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. ભગવાનની સાથે બેઠા ઉઠ્યા. હર્યાફર્યા વાતો કરી અનેક લીલા ચરિત્રો અને ઐશ્વર્યની અનુભૂતિ કરી. વાત છે એવા જ ભાગ્યશાળી ભક્ત દેવકૃષ્ણભાઈની.

એકવાર શ્રીજી મહારાજ સાથે વઢવાણનાં દેવકૃષ્ણ નામના બ્રાહ્મણ ભુજ જતા હતા. બીજા સંતો તથા ભક્તો પણ સાથે હતા. તો રણમાં જતા દેવકૃષ્ણ ઘણો તરસ્યો થયો તે જીવ જાય એવી તરસ લાગી. આંખે અંધારા આવવા લાગ્યા અને એ દેવકૃષ્ણ ભૂદેવે મહારાજને કહ્યું. મહારાજ હવે રેવાતું નથી ગળું સૂકાય છે. શ્રીજી મહારાજે કહ્યું, આ રણમાં પાણી ભર્યું છે એ પીવો. ત્યારે પાણી ચાખી જોયું તો ખારું ઝેર જેવું. મહારાજ આ તો ખારું ઝેર પાણી છે. આ કેમ પીવાય ? મહારાજ બોલ્યા કે, જુવો ગંગાજી આદિક મહાનદીઓ સમુદ્ર ભેગી થાય છે. એની સેર જે ઠેકાણે આવે ત્યાં પાણી મીઠું હોય. એટલે અહીં એની સેર નહિ હોય. થોડુંક આગળ ચાલો પછી એમણે પચ્ચીસ ડગલા આગળ ભર્યા. મહારાજ કહે હવે અહીં જુઓ જોઈએ. અને એ ભૂદેવે એ રણનું પાણી ચાખી જોયું તો ગંગાજળ જેવું મીઠું ! મહારાજને કહ્યું, મહારાજ આ તો બહુ મીઠું અમૃત જેવું પાણી છે. ત્યારે મહારાજ કહે અહીં ગંગા જમનાની સેર આવી ગઈ હશે માટે બધા જ પાણી પી લો. અને પછી એ ભૂદેવે પાણી પીધું. સંતોએ પણ પીધું અને હરિભક્તોએ પણ પીધું અને મહારાજે પોતે પણ એ જળ પીધું. અને પછી સૌ આગળ ચાલ્યા.

સંઘ આગળ વધ્યો ત્યારે દેવકૃષ્ણ પાછળ રહીને ફરીથી કોગળા કરવા ગયા તો એ જ પાણી ખારું

ઝેર જેવું લાગ્યું. મહારાજ મેં તો આ છેલ્લે કોગળો કર્યો તો પાણી એકદમ ખારું લાગ્યું. ત્યારે શ્રીજી મહારાજે કહે છે ગંગા અને જમનાની એ બધી સેર કાયમ સ્થિર રહેતી નથી. ક્યારેક આવે ક્યારેક ચાલી જાય. ગંગા જમનાની સેર જતી રહે એટલે સમુદ્રનું પાણી પાછું ખારું લાગે. પછી એ મીઠું ક્યાંથી હોય. આવી રીતે મહારાજે પોતે ઐશ્વર્ય બતાવી અને બધાને ખારું પાણી મીઠું કરીને પાયું. દયાળુની દયાનો પાર નથી.

મિત્રો ! માટે જ ભગવાન ભક્તવત્સલ છે, દયાળુ છે. પરંતુ ભગવાનની કૃપાને વાત્યલ્યતાને પ્રાપ્ત કરવા માટે પાત્ર બનવું પડે. અને એ પાત્રતા ત્યારે જ આવે છે જયારે ભગવાનનું ગમતું આપણે કરીએ. અને ભગવાનનું ગમતું શું છે એ આપણા શાસ્ત્રોમાંથી જાણીને એ રીતે જીવન જીવીએ તો ભગવાન જરૂર રાજી થાય.

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

### ધો. ૯ ના પ્રવેશ અંગેની સૂચનાઓ

## જૂન, ૨૦૧૫ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે માત્ર ધો. ૯ના

## પ્રવેશ અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) ધો. ૯માં માત્ર બહાર ગામના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

(૨) પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.

(૩) પ્રવેશ પરીક્ષા તા. ૫-૫-૨૦૧૫ મંગળવારે સવારે ૯:૩૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ મધ્યે લેવાશે.

(૪) પરીક્ષાર્થીએ સવારે ૯:૦૦ કલાકે હાજર થઈ જવું.

(૫) પેપર લખવા માટે બોલપેન તથા ઓઠા માટે પાટિયું સાથે લાવવા.

(૬) ધો. ૮ના પરિણામપત્રક (માર્કશીટ)ની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

(૭) પરીક્ષા ૫૦ ગુણની રહેશે, જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનના પ્રશ્નોના જવાબ લખવાના રહેશે.

(૮) પ્રવેશ પરીક્ષાનું પરિણામ તા. ૭-૫-૨૦૧૫ ગુરુવારના સવારે ૯:૦૦ કલાકે સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

(૯) મેરીટ ક્રમ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. જે વિદ્યાર્થીને પ્રવેશ મળેલ હશે તેનું નામ પ્રવેશયાદીમાં લખેલું હશે. પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ પોતાની ફી બે દિવસમાં ભરી જવાની રહેશે.

(૧૦) પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ પોતાનું અસલ સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ (એલ.સી.) તથા માર્કશીટની ઝેરોક્ષ નકલ તેમજ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તા. ૭-૫-૨૦૧૫ના દિવસે જ સંસ્થાના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

**(૧૧) વિદ્યાર્થી ભવનનું સરનામું : શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માર્ગ, સંસ્કારનગર, ભુજ ફોન નંબર(૦૨૮૩૦) ૨૨૦૩૩૨**

પ્રમુખ - મંત્રી - સંચાલક, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ

# એપ્રિલ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૨-૪-૧૫ | માંડવી | શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ ૫ની |
| ૫-૪-૧૫ | ભક્તિનગર | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૮-૪-૧૫ | સુરજપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૯-૪-૧૫ | કોડકી | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૯-૪-૧૫ | મદનપુર | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૦-૪-૧૫ | દહિંસરા | કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૦-૪-૧૫ | વેકરા | દશાબ્દી મહોત્સવ તથા અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૧-૪-૧૫ | માધાપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૪-૪-૧૫ | મદનપુર | કથા પારાયણ |
| ૧૬-૪-૧૫ | વોંધ હાલે મુંબઈ | ત્રીદિવસીય જ્ઞાનયજ્ઞ મહોત્સવ |
| ૧૬-૪-૧૫ | ગોડપર | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ ત્રણની |
| ૧૯-૪-૧૫ | ભુજ | શ્રી નરનારાયણદેવના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૪-૪-૧૫ | નારણપર ઉ.વાસ | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૪-૪-૧૫ | આમારા | શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૪-૪-૧૫ | ભુજ | શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ |


II Shree Swaminarayano Vijaytetram II

**શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા**

**ધોરણ KG1, KG2, Std 1-7**

**એડમિશન ચાલુ છે.**

**આ વર્ષથી (૨૦૧૫) નવા સત્રથી ધોરણ ૫, ૬ અને ૭ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી મિડિયમના વિદ્યાર્થી માટે રહેવાની સુવિધા શરુ કરવામાં આવી છે.**

**સંપર્ક : શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા, માનકુવા સામત્રા વચ્ચે, નખત્રાણા હાઈવે રોડ, ફોન : ૦૨૮૩૨ - ૨૭૭૨૭૭૬**

# ભકિતની શકિત

અહેવાલ :- સાં.યો. નાનબાઈ, માનકુવા

ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતાં હોય તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને ભક્તિમાં એટલી અમોઘ શક્તિ છે કે ખુદ ભગવાનને પણ વશ કરી બંધનમાં બાંધી શકાય અને જે કાંઈ મનોકામના હોય તે પૂર્ણ કરી શકાય. ભગવાન એની ભક્તિનાં બંધાઈ જાય છે. જેમ કે, મા રાધાજીની ભક્તિ તેની ભક્તિ એટલી પારાકાષ્ઠાએ પહોંચેલી કે તેમને ભક્તિ દ્વારા ભગવાનને સ્વાધિન કરી લીધેલા. અતિ શ્રેષ્ઠ ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણ ભગવાને રાધાજીને કાંઈક માંગવાનું કહ્યું. રાધાજી કહ્યું, સ્વામિન્ ! તમે મારા ઉપર પ્રસન્ન હો તો બીજું મારે શું જોઈએ. તમારી ખુશીમાં મારું સર્વસ્વ સમાઈ ગયું. રાધાજીની ભક્તિ એવી ઉત્તમ હતી જેના કારણે પ્રભુજી તેને કાંઈકને કાંઈક દેવાની જ ચાહના રાખતા હતા. ભગવાનનો બહું આગ્રહ જોઈ રાધાજીએ કહ્યું, પ્રભુ ! તમને પામીને મને બધું પ્રાપ્ત થઈ જ ચૂક્યું છે છતાં તમારો બહુ આગ્રહ જોઈને એટલું જ માંગુ છું કે તમે હંમેશાં મારી સાથે રહેજો અને મને ક્યારે તમારાથી દૂર ન કરજો. હે નાથ ! જ્યારે જ્યાં જાઓ ત્યારે મને કહીને જાજો. મારે પૂછવા વગર તમારે ક્યાંય ન જવું. અને ભગવાન જ્યારે રાજી થાય છે ત્યારે તો છપ્પર ફાડ કે આપે છે. અહિ પણ અતિ પ્રસન્ન થયેલા પ્રભુજીએ રાધાજીને એ વર આપી દીધો અને કહ્યું ભલે આજની અમે બંધાઈએ છીએ કે તમારી રજા વિના ક્યાંય નહી જઈએ.

ભગવાન શ્રીકૃષ્ણની રાધાજી સિવાય પણ બીજી કેટલીય પટરાણીઓ હતી અને એ રાણીઓને રહેવા માટે અલગ અલગ મહેલ હતા. શ્રીકૃષ્ણ ભગવાન વધારે પડતાં મહારાણી રાધાજીની સાથે તેના મહેલમાં રહી નવી નવી લીલાઓ કરીને આનંદ પમાડતા. બીજી ગોપીઓ આવી ભગવાનને પોતાના મહેલમાં લઈ જવાની પ્રાર્થના કરે. હવે એકવાર એવું બન્યું કે દરરોજ આવી અતિ પ્રેમભરી પ્રાર્થના કરનાર વીરજા નામની ગોપીનો ભાવ પૂર્ણ કરવા ભગવાને નક્કી કર્યું પણ તે વખતે રાણી રાધાજીની હાજરી નહોતી એટલે શ્રીકૃષ્ણ ભગવાન રાધાજીને કહ્યા વિના વીરજા ગોપીને ત્યાં તેના મનોરથ પૂર્ણ કરવા પહોંચી ગયા.

આ બાજુ રાધાજી પોતાના મહેલમાં આવ્યા પરંતુ ભગવાનને ક્યાંય ન જોયા તેથી ધ્રાસકો પડ્યો. મહેલની દરેક જગ્યાએ ફરી વળ્યા પણ ક્યાંય ન મળ્યા તેથી તેણે ધારી લીધું કે ચોક્કસ પેલી વીરજાને ત્યાં ગયા હશે. કારણ કે તે દરરોજ આવીને પોતાના મહેલે ભગવાનને લઈ જવા વિનંતી કરતી હતી. જરૂર વીરજા જ ભગવાનને તેડી ગઈ હશે. હવે હું પણ જોઈ લઉં છું. આમ કહી વીરજાને ત્યાં જવાનું નક્કી કર્યું.

છેવટે રાધાજીએ એક રથ તૈયાર કર્યો. તે રથ બહુ લાંબો અને ખૂબ પહોળો એવો દિવ્ય અલૌકિક હતો. મોતી, માણેક, હીરા, ફુલોથી નયન રમ્ય સુશોભિત કર્યો કે જેની શોભા અવર્ણનીય હતી અને તે રથમાં પોતાની સખીને તૈયાર કરીને બેસારી. રથમાં બેસી રૂમઝૂમ રૂમઝૂમ કરતા રાધાજી સીંધા વીરજા ગોપીના મહેલ તરફ ગયા.

આ બાજુ વીરજા ગોપીને શ્રીકૃષ્ણ ભગવાન રસીક રમતોથી ખુશ કરતાં હતા. રાધાજીનો રથ વીરજા ગોપીના મહેલ આગળ આવીને થંભ્યો. રાધાજી પોતાની સહેલીઓ સાથે હેઠા ઉતર્યા અને મહેલની અંદર જવા પ્રયાણ કર્યું. ત્યાં તો દરવાજે ઉભેલા શ્રીદામા નામના પ્રભુના પાર્ષદે રોક્યા. ઊભા રહો, માફ કરજો મહારાણીજી માલિકનો હુકમ છે તેથી રજા સિવાય અંદર જવાની પરવાનગી નહીં આપી શકું. રાધાજીને લાગી આવ્યું કે ભગવાનની માનીતી રાણી એવી હું તે ભલા મને કોઈ રોકે. મને તે વળી શું કોઈની રજા લેવાની હોય ! રાધાજીનો પારો તો આમેય પહેલેથી જ ગરમ હતો વળી અંદર પ્રવેશની મનાઈ જોઈ વધારે પારો અધ્ધર થયો. રાધાજીએ તો આંખો આકાશે ચડાવી અને હોંઠ પીસીને શ્રીદામાને હડસેલો દીધો. સખીઓ પણ તેને ધક્કા મારતી મારતી અંદર પ્રવેશ કર્યો.

હવે વીરજા ગોપીન મહેલમાં શું બનાવ બને છે એ જાણવાવાળા જીજ્ઞાસુઓએ રાહ જોવી આવતા અંકની.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રી નરનારાયણદેવ મેડીકલ કેમ્પ - ૨૦૧૫ (સર્વરોગ નિદાન અને સારવાર મેડીકલ કેમ્પ)

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી નરનારાયણદેવના ૧૯૨મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં 'રોગ મુક્ત કચ્છ' અભિયાન અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા શ્રી નરનારાયણદેવ મેડીકલ કેમ્પ - ૨૦૧૫ (સર્વરોગ નિદાન અને સારવાર મેડીકલ કેમ્પ)તા.૧૯-૪-૨૦૧૫ રવિવારના યોજવામાં આવશે. જેની વ્યવસ્થા શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર, ભુજ દ્વારા થશે. 'માનવ સેવા એજ પ્રભુ સેવા' ને સાર્થક કરતા આ કેમ્પમાં હૃદયરોગ, આંખ,પેટ, ગળા, હાડકાંના દર્દો, સારણ ગાંઠ, તેમજ દરેક પ્રકારની ગાંઠના દર્દો, સ્ત્રી ગર્ભાશય/બ્રેસ્ટ કેન્સર અને ન્યુરો સારવાર, સારવાર શક્ય હોય તેવા કેન્સર, પેસાબ અને લોહીને લગતા રોગો, બાળકોના દર્દો, ચામડી અને શ્વાસજન્ય રોગો આદિનો સમાવેશ થશે. કેમ્પ પછીના ઓપરેશનો માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ ભુજની દેખરેખ નીચે કરવામાં આવશે.

વધુને વધુ જરૂરિયાતમંદ દર્દીઓને તેમનું સ્વાસ્થ્ય પાછું મળે એવા સદ્‌કાર્યમાં સેવા આપી આપ પણ સહભાગી બની શકો છો. સેવા માટેની 'મેડીકલ કેમ્પ'ની પહોંચ મંદિરમાંથી આપવામાં આવશે. ચેક/ડ્રાફટ 'શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ'ના નામથી આપી શકાશે.

દરિદ્રનારાયણોની સુશ્રુષા કાજે અને શ્રીહરિની પ્રસન્નતાર્થે યથાશક્તિ સહયોગ અને સેવા આપવા (અભિયાનમાં જોડાવા) સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાનવીર દાતાશ્રીઓને ભુજ મંદિર હાર્દિક આમંત્રણ પાઠવે છે. અહેવાલ :- કોઠારી સ્વામી

## ફાગણ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. રવિભાઈ કેશરા રાઘવાણી-બળદીયા(શીશલ્સ)
- પ.ભ. ગોવિંદભાઈ રામજી વેકરીયા ધ.પ. વિલાસબેન, સુપુત્ર ઋષભદેવ પુત્રી દેવીશા - બળદીયા
- પ.ભ. મેઘબાઈ રામજી વરસાણી, લાલજી રામજી વરસાણી - સુખપર
- પ.ભ. મંત્રભાઈ નવીન પટેલ - અંજાર
- પ.ભ. નારણભાઈ પરબત હીરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. લાલજીભાઈ હીરજી કેરાઈ - માનકુવા
- પ.ભ. પરબતભાઈ માવજી પિંડોરીયા - મીરજાપર
- પ.ભ. કાનબાઈ વીરજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. રીનાબેન બાબુલાલ હીરાણી, હ. બાબુલાલ મનજી હીરાણી - મદનપુર
- પ.ભ. મેહુલભાઈ જેન્તીભાઈ બરારીયા - માધાપર
- પ.ભ. દુષ્યંતકુમાર આઈ. પટેલ - કેન્યા (ડાકોર)
- પ.ભ. જશુબેન નાનજી વેલજી ખેતાણી - નરનારાયણનગર
- પ.ભ. જાદવાભાઈ લાલજી વરસાણી - ભારાસર

- પ.ભ. નારણભાઈ પ્રેમજી મેપાણી - સુખપર
- પ.ભ. ધનજીભાઈ મુળજી હાલાઈ - કેરા
- પ.ભ. દેવજીભાઈ રામજી હીરાણી - બળદીયા હાલે ઈસ્ટલંડન
- પ.ભ. અ.નિ. નાનજીભાઈ રામજી હીરાણી, હ. ધનજીભાઈ હરજી ભુવા - મેઘપર
- પ.ભ. હિતેશભાઈ ભચુ વરસાણી - મીરજાપર
- પ.ભ. વિઆનભાઈ હરીશ વેકરીયા - સુખપર
- પ.ભ. રતનબેન ખીમજી ધનજી હાલાઈ, પ્રેમબાઈ ધનજી - માધાપર હાલે લંડન
- પ.ભ. પ્રવીણભાઈ વાલજી માવજી પિંડોરીયા- દહિંસરા
- પ.ભ. ભાવેશભાઈ નારણ પિંડોરીયા હ. કાન્તાબેન નારણ - ભુજ
- પ.ભ. રોબીનભાઈ ગોસ્વામી શંકરગીરી - ભુજ
- પ.ભ. પ્રેમીલાબેન નારણ સેંઘાણી - નારણપર ની.વાસ
- પ.ભ. ભીમજીભાઈ કરસન કાબરીયા સહપરિવાર - ગોડપર
- પ.ભ. શામજીભાઈ જાદવા રાબડીયા સહપરિવાર - સરલી
- પ.ભ. શીતલબેન લાલજી વરરસાણી - મદનપુર
- પ.ભ. અરવિંદભાઈ કાનજી વરસાણી - સામત્રા
- પ.ભ. ગોપાલભાઈ કરસન હીરાણી - ભક્તિનગર
- પ.ભ. દેવજીભાઈ કાનજી ગોંડલીયા - મીરજાપર
- પ.ભ. નારણભાઈ જાદવા કેરાઈ, રાધાબાઈ નારણ - નારણપર ઉ.વાસ
- સાં.યો. દેવબાઈ ધનજી - ઘડાણી
- પ.ભ. શૌર્યભાઈ રમેશભાઈ વાઘજીભાઈ વેકરીયા
- પ.ભ. મનસુખભાઈ રામજી કેરાઈ ધ.પ. હીરૂબેન, પુત્રી માનસી મનસુખ કેરાઈ - માંડવી-પીયાવા
- પ.ભ. વૃત્તિબેન દેવશી પ્રેમજી હીરાણી - નારણપર
- પ.ભ. લક્ષ્મીબેન પ્રેમજી મેપાણી - સુખપર
- પ.ભ. કિશોરભાઈ વલ્લભરામ ગોર - ભુજ
- પ.ભ. લાલજીભાઈ શીવજી રૂપાલીયા - મદનપુર
- પ.ભ. નારણભાઈ કરસન જેસાણી (વરસાણી) કોડકી
- પ.ભ. ધનજીભાઈ હરજી વેકરીયા હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - વાડાસર
- પ.ભ. માવજીભાઈ ખીમજી હાલાઈ હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - ભુજ
- મહંત સાં.યો. શ્યામબાઈની પ્રેરણાથી મનિષભાઈ મુકેશ ગોરસીયા - મદનપુર
- પ.ભ. કલ્યાણભાઈ વિશ્રામ પિંડોરીયા હ. જશુબેન કલ્યાણ પિંડોરીયા - નારણપર ઉ.વાસ
- પ.ભ. માવજીભાઈ કરસન હીરાણી, કોડાય-માંડવી
- -પ.ભ. દિનેશભાઈ જાદવા વેકરીયા - દહીંસરા
- મહંત સાં.યો. શ્યામબાઈની પ્રેરણાથી હીરબાઈ દેવશી - સુખપર
- પ.ભ. વેલબાઈ ખીમજી હીરાણી - ભારાસર
- પ.ભ. રાજેશભાઈ કાનજી હીરાણી - મીરજાપર
- પ.ભ. સતિષકુમાર રતનશી વાસાણી - વડવા
- પ.ભ. ઘનશ્યામભાઈ કેશરા વરસાણી - મદનપુર
- પ.ભ. લક્ષ્મણ ખીમજી પિંડોરીયા - દહીંસરા
- પ.ભ. નારણ મુળજી કાબરીયા - ગોડપર
- પ.ભ. રમેશભાઈ કાબરીયા - ગોડપર
- પ.ભ. લખીબાઈ ધનજી વરસાણી - સુખપર
- પ.ભ. રાજેશ ખેંગાર ઠક્કર ધ.પ. ક્રિષ્નાબેન - ભુજ
- પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર હાલે લંડન
- સાં.યો. સવિતાબેન ભુડીયા હસ્તે સાંખ્યયોગી બહેનો - મદનપુર
- અ.નિ. નારણભાઈ દેવજી કરસન વરસાણી હ. ગં.સ્વ. પુષ્પાબેન નારણ વરસાણી - ભારાસર
- સાં.યો. સવિતાબેન ધનજી ભુડીયા - મદનપુર
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી અ.નિ.

ઠાકરશી હરજીવન ઠક્કર હ. જીગર હસુભાઈ ઠક્કર - ભુજ

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- પ.ભ. પુરબાઈ નારણ હીરાણી હ. નારણભાઈ દેવરાજ હિરાણી - માનકુવા ભક્તિનગર
- પ.ભ. અ.નિ. વેલજીભાઈ કુંવરજી વેલાણી, અ.નિ. લખીબાઈ વેલજી વેલાણી હ. પુરબાઈ લખમણ વરસાણી - મદનપુર
- પ.ભ. કાનબાઈ નારણ જીણા ગોરસીયા, પ્રેમબાઈ નાનજી વેકરીયા - સુખપર
- પ.ભ. જાદવાભાઈ વિશ્રામ પાધરા - સહપરિવાર - સુખપર
- પ.ભ. નારણભાઈ વીરજી ખેતાણી - કોડકી
- પ.ભ. અ.નિ. દેવબાઈ કાનજી વરસાણી હસ્તે કાનજી નારણ વરસાણી - ભારાસર

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે રામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જંયતિ ધામધૂમથી ઉજવણી કરાઇ


પ્રભાતફેરીમાં સંતો, હરિભક્તો તથા બહેનો

મહંત સ્વામી સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોના શુભ આશીર્વાદથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ મધ્યે ચૈત્ર સુદ ૯, તા. ૨૮-૩-૧૫ શનિવારના રોજ શ્રી રામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાનના પ્રાગટ્યના આ પાવન દિવસે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે સંતો, હરિભક્તોની પ્રભાતફેરી નીકળી હતી. જે પાળેશ્વર ચોક સ્થિત પ્રસાદીના મંદિરે જઈને શહેરના મુખ્ય રાજમાર્ગ પર ફરી હતી.

મંદિરના સભામંડપમાં મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં સવારે ૮ થી રાત્રીના ૮ સુધી બાર કલાકની 'શ્રીસ્વામિનારાયણ' મહામંત્રની સંતો તથા હરિભક્તો દ્વારા સુમધુર સંગીતના સથવારે અખંડ ધૂન કરવામાં આવી.

બપોરના ૧૨ વાગ્યે ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મોત્સવની તથા રાત્રે ૧૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ દિવસે મંદિરમાં બિરાજતા બધા જ દેવોને ભારે અલૌકિક વસ્ત્રાલંકારો ધરાવવામાં આવ્યા હતા. રાત્રે ૧૦ વાગ્યે ભગવાનના પ્રાગટ્ય પ્રસંગની મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગામ દહીંસરા હાલે બોલ્ટનના પ.ભ. શીવજીભાઈ કેશરા હાલાઈ, સુત પ્રકાશ તથા રવિ આદિ તેમના સમગ્ર પરિવારે મહાઆરતી તેમજ પંચામૃત-પંચાજીરીના યજમાનપદની સેવા કરી હતી.

સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો સમગ્ર ઉત્સવનું આયોજન સંભાળ્યું હતું. આ મંગલ પ્રસંગે ગામે ગામથી મોટી સંખ્યામાં સત્સંગી ભાઈ-બહેનો પધારીને આ મંગલ મહોત્સવનો દિવ્ય લાભ મેળવ્યો હતો એમ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી

# સત્સંગ સમાચાર

## માંડવીમાં યોજાયો સંતસ્મૃતિ મહોત્સવ

**સંત સગા, હરિજન સગા, અંત સમયમે રામ, । તુલસી ઇસ સંસારમે તીન ઠોર વિશ્રામ ॥**




પરોપકારી સંતો આપણા માટે જે કરી ગયા છે તેનું ઋણ ચુકવવા માટે આપણે ક્યારેય સમર્થ નથી. પણ એમની સ્મૃતિ કાયમ આપણા જીવનમાં રહે એ માટે માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અ.નિ. સદ્.પૂ. રાધામનોહરદાસજી સ્વામી, અ.નિ. સદ્.પૂ. સ્વામી ધર્મસ્વરુપદાસજી, અ.નિ. સદ્.પૂ. સ્વામી ભક્તિતનયદાસજી અને અ.નિ. સદ્.પૂ. સ્વામી હરિજીવનદાસજી એમ ચાર સંતોની સ્મૃતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું એ પહેલાં આ ઉત્સવના ઉપલક્ષમાં તા.૨૨/૦૨/૨૦૧૫ ના મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૦૩/૦૩/૨૦૧૫ થી તા. ૦૭/૦૩/૨૦૧૫ સુધી માંડવીમંદિરમાં સહજાનંદ સભામંડપમાં શ્રીમત્ સત્સંગિજીવન તૃતીયપ્રકરણની પંચાહ્ન પારાયણનું આયોજન, તેમજ ઉપરોક્ત ચારેય સંતોના જીવનચરિત્ર વિશે પ્રવચનમાળા તથા શ્રીમત્ સત્સંગિજીવન પાંચ પ્રકરણ તથા શ્રી વાસુદેવ માહાત્મ્ય એમ ૬ સંહિતાપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે કથાના મુખ્ય યજમાનપદે રહેલા પ.ભ. દેવજી વિરજી હિરાણીના નિવાસસ્થાનેથી પ્રસ્થાન કરીને ભગવાના મંગલમય




ગીતો, બેન્ડપાર્ટી અને વિવિધ વાજીંત્રો સાથે પોથીયાત્રા સભામંડપમાં વિરામ પામી હતી. ત્યારબાદ કથાની શુભ શરૂઆત કરવામા આવી હતી. જેમાં શા. સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુરાણિ સ્વામી દેવવિહારી દાસજીએ મધુર શૈલીમાં શ્રોતાઓને શ્રીમદ્ સત્સંગિજીવન તૃતીય પ્રકરણની કથાનું રસપાન કરાવ્યું હતું. તેમજ પ્રથમ દિવસની પ્રવચનમાળામાં અ.નિ. સદ્.પૂ. રાધામનોહરદાસજી સ્વામીના જીવન વિશે શા. સ્વામી સુખનંદનદાસજીએ પ્રવચન આપ્યું. બીજા દિવસની પ્રવચનમાળામાં અ.નિ. સદ્.પૂ. ધર્મસ્વરુપદાસજી સ્વામીના જીવન વિશે શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ






પ્રવચન આપ્યું. તથા રાત્રીય કાર્યક્રમમાં માતા—પિતાએ બાળકોમાં સંસ્કારનું સિંચન થાય એ માટે કેટલી કાળજી રાખવી પડશે એ વિષય ઉપર પ્રેઝેન્ટેશન દ્વારા શા. સ્વામી સુખનંદનદાસજી તથા કોઠારી પાર્ષદ ખીમજી ભગતે અત્યંત છણાવટથી લોકોને સમજાવ્યું હતું. ત્રીજા દિવસની પ્રવચનમાળામાં અ.નિ. સદ્.પૂ. ભક્તિતનય સ્વામીના જીવન વિશે શા. સ્વામી શુકમુનિદાસજીએ પ્રવચન આપ્યું હતું. રાત્રીય કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપરના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસાની પ્રવચનમાળામાં શા. વિજ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ અ.નિ. સદ્.પૂ. હરિજીવનદાસજી સ્વામીના જીવન વિશે પ્રવચન આપ્યું હતું. અને રાત્રીય કાર્યક્રમમાં ઓર્કેસ્ટ્રા બેન્ડના સથવારે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચમા દિવસની સવારમાં શ્રી નરનારાયણ ભગવાનની જન્મ જયંતી હોવાથી સંપૂર્ણ નિજમંદિર૧૩ લાખ ફુલોથી શણગારવામાં આવ્યું હતું. ત્યારબાદ ઠાકોરજી તેમજ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌસલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું હતું. જેમાં શોભાયાત્રા દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્મા માર્ગથી આઝાદચોક થઈને મંદિરના



પટાંગણમાં વિરામ પામી હતી. મંદિરના પટાંગણમાં ભુજ ચોવીસીની મંડળીઓ તથા માંડવીના ચારેય કાંધાના કચ્છશ્રી નરનારાયણદેવ યુવકમંડળના યુવાનો ૧૫ના આકારે પારંપરિક મંડળીના રુપમાં ગોઠવાયેલા હતા. તેમણે આચાર્યશ્રીનું સ્વાગત કર્યું અને આચાર્યશ્રી તેમને આશીર્વાદ આપી મંદિરમાં સુંદર ફુલોથી શણગારેલા હિંડોળામાં શ્રી નરનારાયણદેવની જન્મોત્સવની આરતી કરી. અને સભામંડપમાં પધાર્યા. કથા શ્રવણ કરીને સૌને આશીર્વાદ આપ્યા. ત્યારપછી અદ્ભુત અને વિશિષ્ટ રીતે આચાર્યમહારાજે હરિભક્તો ઉપર પ્રસાદીના રંગનાં અમીછાંટણા કર્યા. પછી સૌ હરિભક્તોએ મહાપ્રસાદ લીધો અને ઉત્સવની પૂર્ણાહુતી કરી.

અહેવાલઃ- પાર્ષદ કાન્તી ભગત



## મહારાસ - માંડવી

શ્રીજી મહારાજ ભુજ પ્રથમ પધાર્યા તેને ૨૧૫ વર્ષ તથા પંચાળામાં શ્રીહરિએ સંતો સાથે રમેલ રાસને ૨૦૦ વર્ષના ઉપક્રમે માંડવી શહેરમાં માંડવી વિસ્તારના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા ૭૨ સંતો સાથે મહા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. માંડવીમાં જી.ટી. ગ્રાઉન્ડમાં અતિ વિશાળ પ્રાંગણમાં આયોજીત રાસમાં ભુજથી ૭૨ સંતો પધાર્યા હતા અને ભુજ ચોવીસીના ગામડાઓમાંથી યુવાનો પધારી શોભા વધારી હતી અને દરેક યુવક મંડળના યુવાનો અલગ અલગ પહેરવેશમાં રાસ રમી શ્રીહરિને રાજી કર્યા હતા. આ રાસ જોઈ દરેકના મનમાં એવું થતું હતું કે અહો ! આવો અદ્ભુત રાસ ક્યાંય જોયો નથી !! ધન્ય થયા જેમને આ રાસનાં દર્શન થયા. અને અતિ ધન્ય થયા જે સંતો મહારાજ અને ભક્તો સાથે રમવાનો લાભ મળ્યો. છેલ્લે માંડવી મંદિરના મહંત સ્વામી બાલકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાસદાસજી પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. કાર્યક્રમ તથા સંચાલન પાર્ષદ કોઠારી ખીમજી ભગત તથા શા. સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગના પ્રસાદના યજમાન પ.ભ. રામભાઈ કપ્તા રહ્યા હતા. સંતોએ તેમને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને આવો મહારાસ આગામી વર્ષમાં પણ થશે. એમ સંચાલક સંતોએ જાહેર કર્યું હતું.

અહેવાલ :- સ્વામી સર્વમંગલદાસજી



## ફુલડોલ મહોત્સવ - મીરજાપર

ગામ મિરજાપર મધ્યે શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે ફુલડોલ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ સમસ્ત સત્સંગીઓએ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર ઉત્સવ મિરજાપર મંદિરના યજમાન પદે ઉજવાયો હતો.

અહેવાલ :- દિપક નારણ વેકરીયા, મિરજાપર

## સુખપર રોહા મધ્યે રાત્રી સભા

સુખપર(રોહા) મધ્યે ભુજ મંદિરથી સંતો મંડળના નામ-ધર્માદા માટે પધારેલ. આ સમયનો સદ્પયોગ કરવાના શુભ આશયથી શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે રાત્રી સભાનું આયોજન ફાગણ સુદ ૬ તા. ૨૮-૨-૨૦૧૫ થી ફાગણ સુદ - ૧૦ તા. ૪-૩-૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ. જેમાં શાસ્ત્રી સ્વામી ભક્તિચરણદાસજી વ્યાસાસને બિરાજી યમદંડ ગ્રંથનું આગવી શૈલીમાં કથા શ્રવણ કરાવેલ હતું. સભા સંચાલન સ્વામી શૌનકમુનિદાસજીએ કરેલ હતું.

અહેવાલ :- કે. ડી. પિંડોરીયા, સુખપર રોહા


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

**ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.**

## શ્રી નરનારાયણદેવ જયંતી એવમ્ ફુલડોલ ઉત્સવ, નારણપર ની.વાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી શ્રી નરનારાયણદેવના ચરણ સાંનિધ્યેથી ભુજધામના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી વડીલ સંતોના પ્રસન્નતાર્થે મંડળના સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપર ની.વાસના આંગણે ભવ્ય ફુલડોલ ઉત્સવ ઉજવવામાં આવ્યો.

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની વિશેષ સભાને અનુલક્ષીને વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ સત્સંગમાં સૌ પ્રથમવાર ગામમાં શ્રી નરનારાયણદેવ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમાં ભગવાનના ચિહ્નના દર્શન કરાવતી અદાયગીરી ધારણ કરીને યુવાનો શોભાયાત્રામાં જોડાયા હતા. અલગ અલગ જગ્યાએ ઠાકોરજીને થાળ જમાડવામાં આવ્યા હતા. પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મંદિરમાં ભવ્ય હિંડોળો ફુલથી શણગારવામાં આવ્યો હતો. તેમાં શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજને ઝુલાવવામાં આવ્યા હતા.

સ્વામી ભક્તિપ્રકાશદાસજી શ્રી નરનારાયણદેવના મહિમા વિશે કથા કરી હતી. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી સભા સંચાલન અને આશીર્વાદ આપ્યા હતા. સ્વામી બદ્રીશ્વરદાસજી, સ્વામી મુનીશ્વરદાસજી, નારણપર ગુરુકુલથી સ્વામી નારણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી આદિ સંતો પધારીને દર્શનનો લાભ આપ્યો હતો.

ભવ્ય હિંડોળા ઉપર પુષ્પવૃષ્ટી કરી મહાઆરતી ઉતારવામાં આવીને પ્રસાદ વિતરણ કરીને ઉત્સવને પૂર્ણ કરવામાં આવેલ હતો. આ ઉત્સવ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તરફથી કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં મંદિરની કમીટી, સાં.યો. બહેનો, મહિલા, યુવતી, બાલ, બાલીકા મંડળ તથા સર્વે ગામજનોનો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ :- જાદવજી કાનજી કેરાઈ

## શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ)નું ૧૦૦% પરિણામ

શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રી નરનારાયણદેવ) પ્રાયોજિત શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યૂટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની કચ્છ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ T.Y.B.A. તેમજ T.Y.B.com નું Sem-5નું પરિણામ ૧૦૦% આવેલ છે. B.com Sem-5ની બધી જ વિદ્યાર્થીનીઓએ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. કોલેજના પ્રાચાર્યા તેમજ શૈક્ષણિક સ્ટાફની મહેનત અને વિદ્યાર્થિનીઓની સફળતાને બિરદાવતાં પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રીશ્રી પ્રવીણભાઈ પિંડોરીયા તથા ટ્રસ્ટીશ્રીઓએ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા. ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદવર્ય સ.ગુ. જાદવજી ભગત, સંચાલક સંત સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા વડીલ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ :- આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપરનો વાર્ષિકોત્સવ

અત્રે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપરમાં શાળાના ૧૪મા તેમજ શ્રીઘનશ્યામ મહારાજના ૭મા વાર્ષિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામી વિવેકમુનિદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારપછી સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગુરુકુળના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ વર્ષ દરમિયાન જે જે બાળકોએ જીલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ ખેલકુદમાં વિવિધ રમતોમાં સફળતા હાંસલ કરી, તે તે બાળકોને સંચાલક સ્વામી શા. વિજ્ઞાનસ્વરૂપદાસજી દ્વારા ઈનામ વિતરણ તથા શુભેચ્છા કાર્યક્રમ, તથા ધો. ૧૦/૧૨ ના બાળકોને વિદાય તથા શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત થાય અને પોતાના બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ અપાવે એવી રાપરમંદિરનાં બાંધકામનું કાર્ય સંભાળી રહેલા પૂ. શા. કે.પી સ્વામીએ સૌને ભલામલ કરી હતી. ત્યારબાદ આ ગુરુકુળમાં રહિને બાળકોએ જે અભ્યાસ સાથે સત્સંગનો વારસો મેળવ્યો છે, તે કાયમ ટકી રહે અને તેની સુવાસ હમેશાં પ્રસરતી રહે એવા શા. વિજ્ઞાનસ્વરૂપસ્વામીએ સૌ બાળકોને શુભાશિષ આપ્યા હતા. ત્યારબાદ આ ગુરુકુળમાં અભ્યાસ કરીને બાળકો ધ્રૂવ, પ્રહલાદ, જેવા બને અને પોતે સત્સંગી પાકા થઈને માતા – પિતાને સત્સંગી કરે, અને માતા – પિતા પણ બાળકો પ્રત્યે બેદરકાર ન રહે અને પોતના બાળકોને ભણતર સાથે સત્સંગના શુભ સંસ્કારો મળે એવાં ગુરુકુળોમાં અભ્યાસ કરાવે, તો જ એ બાળકો તમારા ઘઢપણમાં લાકડીના ટેકા રૂપ બનશે એવી ભુજમંદિરના વયોવૃધ્ધ, જ્ઞાનવૃધ્ધ, કર્મનિષ્ઠ સંત પ્રેમપ્રકાશદાસજી સ્વામીએ ભલામણ કરી હતી. અંતમા ઠાકોરજીની અન્નકોટની આરતી કરી સૌએ મહાપ્રસાદ લીધો અને કાર્યક્રમની પૂર્ણાહુતી કરી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય રાવતસિંહ. બી. ગોહિલ(આચાર્ય માધ્યમિક વિભાગ) કર્યું હતું. અને સંપૂર્ણ વ્યવસ્થા સ્વામી નૌત્તમમુનિદાસજીએ સંભાળી હતી.

અહેવાલ : એ.આર જોષી.(આચાર્ય પ્રાથમિક વિભાગ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર, આમારા
# હાર્દિક-નિમંત્રણ

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપા અને ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, અમારા મધ્યે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પવિત્ર પ્રસંગ નિમિત્તે વૈશાખ સુદ ૬, તા. ૨૪-૪-૨૦૧૫થી વૈશાખ સુદ ૧૦, તા. ૨૮-૪-૨૦૧૫ સુધી પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ પણ યોજવામાં આવેલ છે. આ કથા પારાયણનું રસામૃતપાન કરી ભક્તિભાવને દઢતા આપવાનો લાભ લેવા આપ સહપરિવાર અવશ્ય પધારશો, આપને હાર્દિક આમંત્રણ પાઠવતાં અમે હર્ષ અનુભવીએ છીએ.

## "ભારતીય ગ્રામીણ જીવન તથા ઉર્જા નવીનીકરણ" કૃતિ પ્રદર્શનમાં શ્રી ઘનશ્યામ એકેડેમી, નારણપરના વિદ્યાર્થીઓ જળહળ્યા

તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૫નાં રોજ સંસ્કાર સ્કૂલ ભુજ મધ્યે Soul Of Society (Social Science Exhibition)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થી ભારતીય ગ્રામીણ જીવન તથા ઉર્જાનાં નવીનીકરણ વિશે જાણકારી પ્રાપ્ત કરે. સંસ્કાર સ્કૂલના નેજા હેઠળ કચ્છ જિલ્લાની ૭ સ્કૂલે આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. દરેક સ્કૂલને (૧) Rural Life (રૂરલ લાઈફ), (૨) Renewable Energy Project (રિનેવેબલ એનર્જી પ્રોજેક્ટ) વિષય પર એક-એક પ્રોજેક્ટ રજૂ કરવાનો હતો. નારણપરની શ્રી ઘનશ્યામ એકેડમી (C.B.S.E.) સ્કૂલે પણ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. સ્વામી ઘનશ્યામકેશવદાસજી, શાળાના પ્રિન્સીપાલશ્રી જીતેન્દ્ર ખેમચંદ તથા શાળાના શિક્ષકશ્રી કિશન યાદવનાં માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિની વેકરીયા ક્રિષ્ના તથા કેરાઈ અવનીશાએ Rural Life (રૂરલ લાઈફ) વિશે પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. જ્યારે વરસાણી મોહિત, કેરાઈ નીતીન તથા વેકરીયા દિપકે Renewable Energy Project (રિનેવેબલ એનર્જી પ્રોજેક્ટ) વિષય પર પ્રોજેક્ટ તૈયાર કરી દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

**તાલુકા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં શ્રી ઘનશ્યામ એકેડમી - નારણપરનું શાનદાર પ્રદર્શન :**

પ્રજાસતાક દિનની ઉજવણી નિમિત્તે ભુજ તાલુકાનો ધ્વજવંદન કાર્યક્રમ તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ સોમવારના રોજ સ્વારે ૯:૦૫ કલાકે કેરા-કુન્દનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ હસ્તકના કપિલકોટ ગ્રાઉન્ડ, કેરા મધ્યે શ્રી આર.આર. વાળા, નાયબ કલેક્ટરશ્રી, ભુજના વરદ્ હસ્તે યોજવામાં આવેલ હતો. આ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમની રમઝટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના ગામની શાળાએ ભાગ લીધો હતો. ધ્વજવંદન કર્યા બાદ વિવિધ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ૨ કલાકનાં આ કાર્યક્રમમાં જે કૃતિ નિર્ણાયકશ્રીને પસંદ આવી એવા પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ શાળાઓને પુરસ્કાર રૂપે સિલ્ડ તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ઈનામ આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં નારણપરની શ્રી ઘનશ્યામ એકેડમી (C.B.S.E.) શાળાએ પણ ભાગ લીધો હતો. શાળા તરફથી પિરામીડ તથા માઈમની પ્રસ્તુતી કરવામાં આવી હતી. શાળાના પ્રિન્સીપાલશ્રી જીનેન્દ્ર ખેમચંદ, શાળાના શિક્ષકશ્રી નિરજ શેઠીયાનાં માર્ગદર્શન હેઠળ ૧૮ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લઈ બીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું.

જે બદલ શાળાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યાકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા શાળાના ટ્રસ્ટીગણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

અહેવાલ :- આચાર્યશ્રી

## પંચાહ્ન પારાયણ

ભક્તિનગર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૩-૧૫ થી તા. ૨૨-૩-૧૫ સુધી શ્રીમદ્ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના યજમાનપદે કાનજી મનજી હિરાણી, ધ.પ. પુરબાઈ કાનજી હિરાણી પરિવાર રહ્યા હતા. વક્તાપદે શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી હરિમુકુન્દદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી રહ્યા હતા. તા. ૨૦-૩-૧૫ના વિશેષ સભા રાખેલ જેમાં વક્તાપદે સ્વામી ભક્તવત્સલદાસજી સંપ વિશે વક્તવ્ય આપેલ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી મહાપુરુષદાસજી આશીર્વાદની ઝડી વરસાવેલ.

અહેવાલ :- જોધાણી દેવજી પ્રેમજી, માનકુવા

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ, માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરમાં અ.નિ. માનબાઈ દેવજી જાદવા ભુડીયાની પુણ્યસ્મૃતિમાં તથા મોક્ષાર્થે એમના સુપુત્ર પ્રેમજીભાઈ તથા સુપુત્રી આદિ પરિવાર તરફથી તા. ૮-૩-૧૫ને રવિવાર થી તા. ૧૨-૩-૧૫ને ગુરુવાર સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્ હસ્તે તથા ગામની મંદિરની કાર્યવાહી કમીટી તથા સર્વે સત્સંગી બાઈભાઈના સાથ સહકારથી સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

આ પંચાહ્ન પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીએ શ્રી કૃષ્ણ ભગવાનનાં દિવ્ય ઓલૌકિક બાલ ચરિત્રો ખૂબ જ સાદી ભાષામાં અમૃત રસપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના બીજા સંતોમાં પુરાણી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સ્વામી જગતપ્રકાશદાસજી તથા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી તથા પાર્ષદવર્ય આદિ, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિના સહકારથી પારાયણને પૂર્ણ રીતે સફળ બનાવવામાં આવેલ. આ કથા પ્રસંગે યજમાન પરિવાર તરફથી સર્વે નાન-મોટા સત્સંગી બાઈ-ભાઈ તથા પટેલ જ્ઞાતીનાં બાળકોને ભોજન પ્રસાદરૂપી જમણવાર રાખેલ હતું. તે નિમિત્તે સંતો ઠાકોરજીને થાળ ધરાવવા માટે પટેલ વાડીમાં પધારી યજમાન પરિવારને રાજી કર્યા હતા.

કથા સમાપ્તીના દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સામૈયું વાજતે ગાજતે લઈ આવ્યા બાદ કથાને વિરામ આપી પુરાણી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા સ્વામી જગતપ્રકાશદાસજીએ યજમાન પરિવારને તથા ગામના સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ યજમાન પરિવારને ભુજ મંદિર તથા માધાપર મંદિર તરફથી પહેરામણી આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ઉત્તર પૂજન, પોથીપૂજા, વક્તાશ્રીનું પૂજન વિધી કરી સમાપ્તીની આરતી ઉતારી સંતોનું પૂજન કરી કીર્તન, ધૂન્ય સાથે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞની સમાપ્તી કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી અરજણભાઈ, માધાપર

## રાપરમાં ઉજવાયો શ્રી નરનારાયણદેવ જયંતી મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરમાં અક્ષરધામના અધિપતિ શ્રી નરનારાયણ ભગવાનના પ્રાગટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં ભુજ મંદિરથી પૂ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી પૂ. સ્વામી મુનીશ્વરદાસજી પૂ. પુરાણી બદ્રીશ્વરદાસજી, તથા શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી તથા અંજાર મંદિરથી સદ્. પૂ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા પૂ.પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી પધાર્યા હતા. જેમાં મંદિરેથી ભગવાન શ્રી નરનારાયણદેવની ચામર, છત્ર, અબ્દાગીરી, નિશાન, સૂર્યમુખી વગેરે રાજચિન્હોએ સહિત શોભાયાત્રા પ્રસ્થાન કરીને શહેરમાં ફરી દેનાબેંક ચોકથી થઈને પુનઃ મંદિરમાં વિરામ પામી હતી. ત્યારબાદ બપોરે ફુલના હિંડોળામાં ઝુલતા શ્રી નરનારાયણદેવના પ્રાગટ્યની આરતી કરી અને

આપણા સંપ્રદાયની મર્યાદા મુજબ ભાઈઓમાં સંતોએ પોતાના શુભ હસ્તે હરિભક્તો ઉપર પ્રસાદીના રંગના અમીછાંટણા કર્યાં. અને રાત્રે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં, શ્રી નરનારાયણદેવ આપણા બાપ છે. તેને છોડીને જે કોઈ આડો અવળો ડોલ્યો તે દુઃખી થયો છે. માટે આ શ્રી નરનારાયણદેવને ક્યારેય છોડશો નહિ એવી પૂ. કે.પી. સ્વામીએ સૌ હરિભક્તોને ભલામણ કરી હતી. પછી શ્રી નરનારાયણદેવની કૃપા આપણા ઉપર સદાય છે અને વિશેષ વરસાતી રહે, એવા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર ઉત્સવમાં વિનોદભાઈ બાબુલાલ દાવડા યજમાન પદે રહ્યા હતા. અને આ ઉત્સવની સંપૂર્ણ વ્યવસ્થા શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સંભાળી હતી.

અહેવાલઃ- સાધુ વિવેકમુનિદાસજી

## ત્રિદિવસીય રાત્રી સત્સંગ સભા, સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૨૨,૨૩,૨૪-૨-૧૫ એમ ત્રણ દિવસીય રાત્રી સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કથાના વક્તાપદે સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજીએ તેમની સુમધુર શૈલીમાં પ્રેમાનંદ સ્વામી રચિત "વંદુ સહજાનંદ રસરૂપ" પદો પર કથામૃત રસપાન કરાવેલ. આ રાત્રી સભામાં ભુજ મંદિર, પ્રસાદી મંદિર, અંજાર, માંડવી મંદિરમાંથી સંતોએ પધારીને આશીર્વાદ આપ્યા હતા. સુખપર, મદનપુર તેમજ નરનારાયણનગરના યુવાનો, હરિભક્તો આ રાત્રીય સત્સંગ સભામાં જ્ઞાનવૃધ્ધિ કરી હતી. આ સમગ્ર આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વડીલો અને યુવતી મંડળના સાથ સહસહકારથી કરવામાં આવ્યું હતું. રોજ કથાની પૂર્ણાહુતિ બાદ પધારેલ સર્વે હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવતું. આ સભામાં બહોળી સંખ્યામાં હરિભક્તો ભાઈઓ, બહેનો, બાળકો સંતોના આશીર્વાદ લેવા પધાર્યા હતા. આ સમગ્ર કથાનું સભાસંચાલન સ્વામી મહાપુરુષદાસજીએ સંભાળ્યું હતું.

**શ્રી નરનારાયણદેવજંયતી મહોત્સવ :-**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપરમાં તા. ૭-૩-૧૫ શનિવારના રોજ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલડોલ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ દિવસે વહેલી સવારે મંદિરમાં મંગળા આરતી કરી પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રભાતફેરીમાં મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો, બાળકો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને યુવતી મંડળના યુવકો અને યુવતીઓ જોડાઈ વાજીંત્રોના નાદે સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું સ્મરણ કરતાં સમગ્ર ગામમાં ફરી છેલ્લે મંદિરમાં પૂર્ણાહુતિ કરી હતી. મંદિરમાં કીર્તનોના તાલે શ્રી નરનારાયણદેવને કેસુડાના ફુલ વડે તૈયાર કરેલ ભવ્ય હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ આરતી કરી સમગ્ર પધારેલ હરિભક્તોને પ્રસાદીના રંગો વડે રંગવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રસાદી વિતરણ કરી સૌ હરિભક્તો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અહેવાલ :- કિશોર પિંડોરીયા, સુખપર

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદી સ્થળ 'મેટકીયા કૂવા'નાં સ્થળે ધામધૂમથી ધૂળેટીના રોજ રંગોત્સવ કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો

ભચાઉ (કચ્છ) અહીં ફાગણ વદ-૧ ધૂળેટી તા. ૬-૩-૨૦૧૫નાં રોજ 'રંગોત્સવ' કાર્યક્રમની ઉજવણી નિમિત્તે સવારે ૮ કલાકે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરેથી વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પદયાત્રાથી નેશનલ હાઈવે ઉપર આવેલ સ્વામિનારાયણ ભગવાનનાં પ્રસાદી સ્થળે રંગોત્સવ કાર્યક્રમની ઉજવણી નિમિત્તે સ્વામિનારાયણ ભગવાનની ધૂન બોલાવતાં પ્રસાદી સ્થળે પહોંચીને અંજાર સ્વામિનારાયણ મંદિરના સંતો સર્વશ્રી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. સંતોએ ધર્મોપદેશ આપી આશીર્વચન આપી રાજીપો વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ રાસ ગરબાનો કાર્યક્રમ 'રાસોત્સવ' યોજાયો હતો. જેમાં બહોળા પ્રમાણમાં હરિભક્તોએ ભાગ લીધો હતો. ત્યારબાદ મુખ્ય યજમાનશ્રી પોપટભાઈ ખૂથીયા તરફથી 'મહાપ્રસાદ' રાખવામાં આવેલ હતો. જેનો બહોળા પ્રમાણમાં હરિભક્તો એ લાભ લીધો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા સર્વશ્રી પોપટભાઈ ખૂથીયા, નારણભાઈ ખૂથીયા, ટ્રસ્ટીશ્રી બાબુભાઈ ખૂથીયા, ફતેહસિંહ જાડેજા, વેલજીભાઈ નીશર, હીરજીભાઈ વરસાણીએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ : બાબુભાઈ ખૂથીયા તથા ફતેહસિંહ ગજુભા જાડેજા, ભચાઉ

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, ભુજ આયોજિત

### મંગલમૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ

## હાર્દિક નિમંત્રણ

*ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી શ્રીજી મહારાજને અતિ પ્રિય એવી પવિત્ર ભૂમિ ભુજ મધ્યે સંવત ૨૦૭૧ વૈશાખ વદ ૧ થી ૫, તા. ૫-૫-૨૦૧૫ થી તા. ૯-૫-૨૦૧૫ સુધી શ્રીહરિ ચરિત્રામૃત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. કથામૃતનું પાન કરી પુણ્યનું ભાથું બાંધી ભક્તિમાં દૃઢતા લાવવા કથા શ્રવણાર્થે સહકુટુંબ પધારવા સૌ સત્સંગી હરિભક્ત ભાઈ-બહેનોને હાર્દિક નિમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવી રહ્યા છીએ, સૌ અવશ્ય પધારશો અને અવસરનો આનંદ માણી ધન્ય થશો.*

**-:: નિમંત્રક ::-**

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
સ.ગુ. સ્વામી સનાતનદાસજી
સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, પાળેશ્વર ચોક, ભુજ કચ્છ.**

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર, સા.ઇ. લંડન, વુલ્વીચ

### નૂતન-મંદિર-બાંધકામ

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ તથા ટ્રસ્ટીગણ અને હરિભક્તોના સહકાર અને પરિશ્રમના કારણે નૂતન મંદરનું બાંધકામ આયોજન મુજબ પૂર ઝડપે ચાલુ છે. જૂના મંદિરને ધ્વંસ કરી, સ્કૂલ બાજુની સાઈડમાં પાઈલીંગનું કાર્ય તેમજ ઈન્જીનીઅરની સલાહ સૂચન મુજબ જમીન ખણતર અને મથાળાના બાંધકામ સહિતનું કન્સ્ટ્રક્શન પૂરું થયેલ છે. આ રીતે નૂતન મંદિરનું નિર્માણ કાર્ય આયોજન મુજબ ચાલી રહ્યું છે અને નિયત સમય મર્યાદામાં પૂર્ણ થશે એવું નૂતન મંદિર બિલ્ડીંગ કમીટીએ જણાવેલ છે.

અહેવાલ :- મંદિર બાંધકામ સમિતિ

## વાર્ષિકસભા - ઓલ્ડહામ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડહામની વાર્ષિકસભા શનિવાર તા. ૨૧-૨-૨૦૧૫ના સાંજે બોલાવવામાં આવી હતી. જેમાં વાર્ષિક આવક જાવકનો હિસાબ વાંચી સંભળાવેલ હતો. અને નવી કાર્યવાહક કમીટીની ચૂંટણી નીચે પ્રમાણે થયેલ છે.

પ્રમુખશ્રી હિતેશ પરબત ભુડીયા-કેરા, ઉપપ્રમુખશ્રી વાલજી રામજી ભુડીયા-બળદીયા, મંત્રીશ્રી વિનોદ પરબત વેકરીયા-નારણપર, ઉપમંત્રી પ્રેમજી વેલજી વેકરીયા-બળદીયા, ખજાનચી અનિલ ધનજી કારા-દહિંસરા, ઉપખજાનચી જીતેન્દ્ર ભીમજી કારા-દહિંસરા, કોઠારી શીવજી કરસન કેરાઈ-નારણપર, ઉપકોઠારી નારણ દેવરાજ કારા-દહિંસરા, સભ્યો પ્રવિણ મુળજી વેકરીયા-બળદિયા, ગોવિંદ રામજી વેકરીયા-બળદીયા, પરેશ હિતેશ ભુડીયા-કેરા, સુરેશ પ્રેમજી ગોરસીયા-નારણપર, ભીમજી કલ્યાણ વેકરીયા-બળદીયા.

અહેવાલ :- પ્રમુખશ્રી હિતેશ પરબત ભુડીયા-મંત્રીશ્રી વિનોદ પરબત વેકરીયા

## શ્રી સ્વામિનાનારાયણ મંદિર, ધર્મભક્તિ મેનર સ્ટેનમોર

પાંચમી માર્ચના અહીં શ્રી સ્વામિનારાયણ ધર્મભક્તિ મેનોર ખાતે હોળીકા દહન સાથે હોળી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હોળીકાના દર્શન માટે મોટી સંખ્યામાં લોકો પોતાના બાળકો સાથે પધાર્યા હતા અને હજારોની સંખ્યામાં પૂજન કર્યા બાદ પરિક્રમા કરીને દર્શન કર્યા હતા. બાળકોને હોળીકાના દહનનું ધાર્મિર મહત્ત્વ સમજાય તે માટે એક ટેન્ટમાં નરસિંહ ભગવાનની તસવીર ગોઠવવામાં આવી હતી. આ ઉત્સવમાં બાળકો તથા વડીલોએ મર્યાદા પૂર્વક રંગ છાંટીને ઉજવણીની મજા માણી હતી. આ ઉત્સવનું લાયકા રેડિયો ૧૪૫૮ના સ્ટેશન ઉપર રવિ શર્મા તથા નેહા ભટ્ટે લાઈવ કવરેજ કર્યું હતું. જેમ સ્થાનિક એમ પી બોલ બ્લેકમેન, કા. કેઈથ ટોમ્સ, આગામી ઈલેક્શનની કેન્ડિડેટ ઉમા કુમારન, કા. મનજી કારા તથા વગેરે કાઉન્સિલરે પણ લાઈવ પ્રસારણમાં જોડાઈને લાભ લીધો હતો. ત્યારબાદ મંદિરના રેસ્ટોરન્ટમાંથી અન્ય વાનગીઓ લઈ જમી સર્વે ઘેર ગયા હતા.

અહેવાલ :- જાદવજી હિરાણી

ભુજથી તા. ૨૫-૨-૧૫ના રોજ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદી ૧૭ સંતો શીશલ્સ તા. ૨૬-૨-૧૫ના રોજ પહોચ્યાં હતા. એરપોર્ટ ઉપર હરિભક્તોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રવિભાઈ પ્રેમજીભાઈ રાઘવાણીના કેમ્પમાં સંતોએ ઉતારા કરી સાંજે પ્રથમ દિવસે જ આપણા કચ્છના હરિભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કથા વાર્તાનો સુંદર લાભ લીધો હતો. દરરોજ સાંજે ભુજના નવવિદ્વાન નાના સંતો અલગ અલગ વિષયો ઉપર વ્યાખ્યાન કરી સર્વે હરિભક્તોને આનંદિત કર્યા હતા. દરરોજ વ્યાખ્યાન બાદ વડીલ સંતો આશીર્વાદ આપતા. તા. ૨૮-૨-૨૦૧૫ના રોજ રવિભાઈ પ્રેમજીભાઈ રાઘવાણી પરિવારે નૂતન ચાર બિલ્ડીંગો જે બનાવી હતી તેનું ઉદ્‌ઘાટન પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ દિવસે સવારે ઠાકોરજીને વાજતે ગાજતે બિલ્ડીંગમાં લાવવામાં આવ્યા હતા. અને કંપનીના જે જે સહભાગી કાર્યકર્તાઓ હતા તેમને પૂજ્ય મહંત સ્વામી રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. અને આ દિવસે પૂજ્ય સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ યજમાન પરિવારો દ્વારા નક્કી થયેલ દિવ્ય મહાપૂજાનો લાભ આપાવ્યો હતો. બપોરના સમયે સંતો દ્વારા તૈયાર થયેલ દિવ્ય ભોજનો ભગવાનને ધરાવવામાં આવ્યા હતા. અને સંપૂર્ણ પ્રસાદ પધારેલા સર્વે ભક્તોને આપ્યો હતો. ત્યારબાદ દિવસ દરમ્યાન આપણા હરિભક્તોની અલગ અલગ કંપનીઓમાં જઈને સંતોએ પધરામણી કરી યુવાનોને સત્સંગનું બળ મળે અને સત્સંગનો સર્વાંગી વિકાસ થાય તેવા વડીલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. માહે ટાપુની આજુબાજુ જેવા કે સેલ્વેટ, પાર્લે, લાજીંગ, ફેગાટ અને છેક ડેરોસ સુધી વસતા આપણા કચ્છના ભક્તોને સત્સંગનું પોષણ મળે અને સંસ્કારનો વારસો જળવાઈ રહે એ હેતુથી મહંત સ્વામી આદી તમામ વડીલ સંતો ત્યાં જઈને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

રવિવારના દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં અનેક સત્સંગીઓએ લાભ લીધો હતો. તેમજ યુવક મંડળની સભામાં પ્રેઝેન્ટેશન દ્વારા સુંદર વિષયો ઉપર સંતોએ પ્રવચન આપ્યા હતા. આ સત્સંગ દરમ્યાન રાત્રીના એક સત્રમાં દિવ્ય સંધ્યા સંગીત તેમજ સત્સંગ ડાયરાનું આયોજન હતું. જેમાં સંતોએ સંગીતરસ પીરસીન હરિભક્તોને ખુબ રાજી કર્યા હતા.


અહેવાલ :- સ્વામી વેદાંતસ્વરૂપદાસજી

## ધૂન

છે મંત્ર મહા મંગલ કારી...
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
ભવભવના દુઃખ તારણ હારા
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
આવો, સહુ આવો, ધૂન કરો...(૨)
મંગલમય મંત્રની ધૂન કરો...(૨)
　　એ શબ્દ સદા પાવન કારી...
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
સત્સંગ હરિને પ્યારો છે...(૨)
સત્સંગી હરિને પ્યારા છે...(૨)
　　શ્રી હરિનું નામ છે હિતકારી...
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
ભવભવના દુઃખડા તો ટળશે...(૨)
જો પ્રભુના રંગે મન રંગાશે...(૨)
　　એનો રંગ સદાય સુખકારી
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
એક દિવસ બધાને જાવાનું છે...(૨)
જાતા પહેલાં જાગવાનું છે...(૨)
　　કવિ ''સારસ'' કહે બોલો નરનારી
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....
　　સ્વામિનારાયણ.....સ્વામિનારાયણ.....

રચનાર :- ચંદ્રવદન જી. મહેતા, 'કવિ સારસ'

# સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્રો! જય શ્રીસ્વામિનારાયણ, સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા બહુ મોટો છે. ઇતિહાસમાં અનેક એ મંત્રના પ્રતાપની કથાઓ કીર્તનો અને પરચાઓ લખાયેલા છે. એમાંથી એકાદ એ મહામંત્રના મહિમાનો પરચો સાંભળીયે.

ગુજરાતમાં ધુંવા નામે એક ગામ આવેલું છે. તે ગામમાં લુહાર જ્ઞાતિનો બિંદો એવા નામે એક ભક્ત હતો. અમને અઢાર વર્ષની ઉંમરે સ્વામિનારાયણના સંતોનો સમાગમ થયો. સંતોની વાતો સાંભળીને સત્સંગી થયો. લુહારનું કામ કરતો, કામ કરતા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લીધા કરે. એમના માબાપ સત્સંગી નહિં પણ બિંદો સવારે નાઇ-ધોઇ ભગવાનની પૂજા કરે. ધર્મ-નિયમનું પાલન કરે તે જોઇને રાજી થાય, જે આપણે નથી કરતા તે આપણો બિંદો કરે છે એ જે કરે તે સારું કરે છે. આપણા મોટા ભાગ્ય જે આપણો બિન્દો ભગવાનનો ભગત થયો છે. એમના માબાપ તો રાજી હતા પણ એ બિન્દાની કાકી કુલખણી હતી અને ઘરમાં સાથે જ રહેતી. તે બિન્દાની ભકિત જોઇને બળી મરે, બિન્દાની નિંદા કરે, કારણ શિવાય ગાળો બોલે. ત્યારે બિન્દાના માબાપ કહે : આમારો બિન્દો સ્વામિનારાયણનું ભજન કરે છે એમાં તારું શું બગડી જાય છે, જેથી તું એને ગાળો ભાંડે છે ,,પણ એ કાકી કોઇનું સાંભળે જ નહીં અને કોઇ સમજાવે તો ઉલટી વધારે ગોળો દે. બિન્દા ઉપર ખોટા આરોપો નાખે, ગામમાં ખોટી નિંદા કરે કે અમારો બિંદો બગડી ગયો છે એ સ્વામિનારાયણીયો થઇ ગયો છે. સ્વામિનારાયણના સાધુડાએ બગાડી મેલ્યો છે. બીજો બાપ કર્યો છે. આખા ગામમાં બિન્દાની નિંદા કર્યા કરે. ત્યારે કોઇકે બિન્દાને કહ્યું : બિન્દા ! તારી કાકી તેને ગાળો દે છે, તારી નિંદા કરે છે તેમાં તને કંઇ દુઃખ નથી થતું ? ત્યારે બિન્દો કહે જે, એ મારી પરીક્ષા કરે છે કે બિન્દો ભગત કાચો છે કે પાકો ? બીજી વાત એ કે હું મારી કાકીનો કહીશ કે તમે પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલો તો એ નહિ બોલે અને મને ગાળો દે છે એમાં પહેલું મારું નામ લે છે અને પછી મારા ભગવાનનું નામ લે છે કે બિન્દીયો સ્વામિનારાયણીયો થઇ ગયો છે, આમ વેર ભાવે પણ સ્વામિનારાયણનું નામ તો લે છે એમાય ભગવાન એમનું સારું કરશે. આ કાકી તો એવી પાકી નીકળી કે બુઢી થઇ ગઇ, મોઢેથી સ્વામિનારાયણ નામ પણ સરખું બોલાય નહિ. બિન્દાનું નામ પણ બોલાય નહિ છતાપણ ગાળો દેવાનું છોડ્યું નહિ. કાકીનું વ્યસન પડી ગયેલું હતું, તેથી ગાળો દીધા વિના તો એમને શાંતિ જ ન થાય, આમ કરતાં કાકીનો અંતકાળનો સમય આવી ગયો અને પથારીવશ થઇ. ભકતનો દ્વેષ કરવાથી ભયંકર યમદૂતો લેવા આવ્યા. યમદૂતોને જોઇ કાકી દેવ-દેવલાંને સંભારવા લાગી, પણ કોઇએ સહાય કરવા આવ્યા નહિ અને યમદૂતો પોતાનું કામ ચાલું કર્યું એમનું કામ તો ધીબવાનું. ચારે કોરથી યમદૂતો હાથમાં ધોકા ભાલા, બરછી લઇ માંડયા મારવા અને કાકી રાડો પડે અરે હાય વોય રે, મરી ગઇ બચાવો આ માર નથી સહેવાતો, કોઇ મને આ યમદૂતથી છોડાવો, પણ કોણ છોડાવે ? કોઇએ આવ્યું નહિ. યમદૂતોએ ગળામાં ફાંસો નાખી માંડયા ખેંચવા. ત્યારે પણ પાસે બેઠેલા બિન્દાને ગાળો દીધી જે, મારો

પીટીયો સ્વામિનારાયણનો થઇ ગયો તે મટયો જ નહિ. ગાળમાં પણ સ્વામિનારાયણ નામ બોલાઇ ગયું એટલે તરત જ યમદૂતો દૂર થઇ ગયા. આ જોઇ કાકી મંડી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરવા કાકી સમજી ગઇ કે સ્વામિનારાયણ નામનો શું પ્રતાપ છે હું વૈર ભાવે નામ લીધું એવામાં યમદૂતો દુર ભાગી ગયા, એ જોઇ બોલી એ બિન્દા તારા સ્વામિનારાયણને બોલાવ મારી રક્ષા કરે, એવામાં તો દયાળુ ભગવાન સ્વામિનારાયણ આવી ગયા. કાકીને દિવ્ય દર્શન દીધા કાકીએ બે હાથ જોડીને ભગવાનની પ્રર્થના કરી હે પ્રભુ ! તમે પાપી ઉપર બહુ દયા કરી મારા અવગુણ નહીં જોઇને અંતકાળે મારી સહાય કરી. આમ ભગવાનની પ્રર્થના કરતા દેહનો ત્યાગ કરીને ભગવાનની સાથે રથમાં બેસી ભગવાનના ધામમાં ગઇ.

બાળ મિત્રો, સાંભળ્યુંને ભગવાનના નામનો કેટલો પ્રતાપ છે. હરિલીલામૃત કળશમાં ગાયું છે.

તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો યમ નાશી જાય, શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
(અ) ૧૮૩૭ (બ) ૧૭૩૭
(ક) ૧૮૩૮ (ડ) ૧૭૯૬

૨. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ કયા નક્ષત્રમાં થયો હતો?
(અ) ભરણી (બ) કૃતિ (ક) પુષ્ય (ડ) રેવતી

૩. શ્રી સ્વામિનારાયણ ભગવાનની અટક કઇ હતી ?
(અ) બ્રાહ્મણ (બ) સરયૂપારી
(ક) તીવારી (ડ) પાંડે

૪. માતા પારણીયે ઝુલાવે શ્રી ઘનશ્યામને, આ કીર્તન કોણે બનાવ્યું છે ?
(અ) પ્રેમાનંદ સ્વામી (બ) મુક્તાનંદ સ્વામી
(ક) બ્રહ્માનંદ સ્વામી (ડ) માધવ દાસ

૫. શ્રી રામચંદ્ર ભગવાનનો જન્મ કયા યુગમાં થયો હતો ?
(અ) સત્યયુગ (બ) ત્રેતાયુગ
(ક) દ્વાપરયુગ (ડ) આદી સત્યયુગ

૬. શ્રી રામચંદ્ર ભગવાનના ચરણ સ્પર્શથી કોનો ઉધ્ધાર થયો હતો ?
(અ) શબરી(બ) મારીચ (ક) ગીધ (ડ) અહલ્યા

૭. આયોધ્યા અને છપૈયા ભારતના કયા રાજયમા આવે છે ?
(અ) ઉત્તર પ્રદેશ (બ) બિહાર
(ક) મધ્ય પ્રદેશ (ડ) ઉત્તરા ખંડ

૮. રામ ભક્ત સંત તુલસીદાસનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) ચિત્રકૂટ (બ) અયોધ્યા
(ક) રાજાપુર (ડ) અમરાપુર ?

૯. કોને ગાળ ન દેવી ?
(અ) મા-બાપને (બ) મિત્રને (ક) શત્રુને (ડ) કોઇને નહી

૧૦. સત્સંગીઓએ કોનો સંગ ન કરવો ?
(અ) કૃતઘ્નીનો (બ) વ્યસનીનો
(ક) પાપીનો (ડ) અ,બ,ક,ત્રણેયનો નહિ

### સરનામું

નામ..................................................

ગામ ........................તાલુકો..........................

ઉંમર............શાળા..........................................

ધો..............મો.ન............................................

## ઓળખી બતાવો

(૧) જે બાળકે પાંચ વર્ષની ઉંમરમાં જ પાંચ મહિના તપ કરી ભગવાનના દર્શન કર્યા હતા અને અંતે ઉચ્ચ પદને પામ્યા. જે આજે પણ આકાશમાં તારા રૂપે દર્શન આપે છે. એ કોણ?

(૨) જે બાળકનો જન્મ અસુર કુળમાં થયો હતો. બાળપણમાં એમના પિતાએ ખૂબ દુઃખ આપ્યું છતા પણ ભગવાનની ભક્તિ ન છોડી. જેમની રક્ષા કરવા ભગવાન એક અદ્‌ભુત અવતાર લીધો હતો. એ કોણ?

(૩) જે બાળકે આઠ વર્ષની ઉંમરે જ તમામ વિદ્યા પ્રાપ્ત કરી લીધી હતી. કાશીમાં વિદ્વાનોની સભાને જીતી હતી. અને અગીયાર વર્ષની નાની ઉંમરમાં જ ઘરનો ત્યાગ કરી વનનો માર્ગ લીધો હતો. એ બાળકનું નામ શું હતું?

(૪) જે બાળકનો જન્મ જંગલમાં થયો હતો. જે બાળપણમાં જ સિંહ આદિ જંગલી પ્રાણીઓ સાથે રમતો. જેમના નામથી આ દેશ ભારત એવા નામે પ્રસિદ્ધિને પામ્યો છે એ કોણ?

(૫) જે બાળકે માતાપિતાની સેવા કરી ઈતિહાસમાં પોતાનું નામ અમર બનાવ્યું હતું. અંતે એક રાજાના હાથે મૃત્યુ પામ્યો હતો એવા માતૃપિતૃભકત બાળકનું નામ શું હતું?

(૬) જે બાળકનું દાન એમના પિતાએ મૃત્યુદેવને આપેલું હતું. યમરાજા પાસેથી જે બાળકે બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી હતી. એ બાળકનું નામ શું હતું?

## -: શબ્દ રચના :-

**બાલ મિત્રો, નીચે આપેલ કોયડામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ષોડ ચિહ્ન મુકેલા છે તે શોધી કાઢો**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વ | સ્તિ | ક | અ | રા | જ | દ્ર | કુ | શ | પ | રિ | ધ |
| ક | મી | ત્રિ | ગો | તિ | ચં | અં | જા | હ | મ | રે | નુ |
| દ | વ | જાં | ણ | ર્ધ | ષ્ટ | યા | મ | વ્યો | ધ્વ | ની | ષ્ય |
| ય | ર્ધ | ત | અ | સ | ચ | ક્ર | શ | યા | દ | લ | ઠ |
| ણ | જ | યૂ | ષ્ટ | નુ | લ | કુ | ર | પ | ત | કં | મી |
| વ | ત | ત્રિ | કો | ના | અં | સ | ગો | પ | ખા | ઠ | ષ |
| ન્યા | લ | દ્ર | ણ | ક | રા | હ | ધ | રે | ધ્વ | સ | ળ |
| લ | વ્યો | ચં | સ્વ | મી | ન | ર્ધ | ર્ધ્વ | ણ | લ | કો | સ |
| ક | ળ | શ | રિ | કૃ | અ | ઉ | વ્યો | ની | ત્રિ | જ | ર |
| મ | ક | જાં | બુ | તુ | ણ | ઠ | કો | ર | સ | મ | ણ |
| ળ | લ | ગો | કે | ખ | ઘ | ધ્મ | ની | સ | બા | વ | દ |
| સ | મ | દ | શં | સ્વ | પ | ના | રા | ધ્વ | જ | ન | યૂ |

(૭) જે બાળકે ઘર છોડવા માટે ગાંડા થયા હતા. ઘર છોડી સાચા સદ્‌ગુરુની શોધમાં ફર્યા અંતે એક માહાપુરૂષને શરણે રહ્યા. એવા તેજસ્વી બાળક કોણ હતા?

(૮) જે બાળપણમાં ભક્તિના રંગે રંગાયાં હતાં. જેમના પિતાને બાળકૃષ્ણ દૂધપી પરચો આપ્યો હતો. નાની ઉંમરમાં જ સાંખ્યયોગ લઈ આજીવન બ્રહ્મચારી રહ્યાં હતાં. એવા મહાન નારીરત્ન કોણ હતાં?

(૯) જે બાળકની બાળપણમાં જ શ્રીહરિએ કસોટી કરી હતી. જેમના પ્રેમને આધીન ભગવાન થયા હતા. જેમની જનના જાનૈયા સંતો થયા હતા. એવા વિશ્વાસું ભક્ત કોણ હતા?

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૦૦/- | રવિભાઈ પ્રેમજી રાઘવાણી | સીસલ્સ | નવા ફ્લોટના વાસ્તુ પૂજન તેમજ નવા મંદિરના ખાત મુહૂર્ત નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | દેવશી રત્ના વરસાણી | માનકુવા હાલે નૈરોબી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | દેવશી જેઠાભાઈ હીરાણી | બળદીયા હાલે નૈરોબી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧૧/- | હીરજી શીવજી પટેલ | ભક્તિનગર | વાડીમાં નવો બોર કર્યો તે નિમિત્તે ભેટ |
| | | માનકુવા | |
| ૧૧૧/- | ગોવિંદ હીરજી વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | નીમિત નીતિન વેલાણી હ. કુંવરજી વેલજી | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | હીરજી કેશરા હીરાણી | સુરજપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજીભાઈ ધનજી માસ્તર | માધાપર | વિદેશ નૈરોબી જવાનું થતાં તેમજ જન્મદિવસ ૭માધાપરમાં નવા મકાનના વાસ્તુ નમિત્તે ભેટ |
| ૩૦૦/- | માનબાઈ દેવજી જાદવા ભુડીયા | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રક્સન કું. હ. મુકેશભાઈ વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૨/- | ક્રિશીપકુમાર રિલેશ પિંડોરીયા હ. દાદા જાદવા દેવજી પિંડોરીયા | નારણપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી ધ.પ. સવિતા | માધાપર | ચિ. પ્રિતી અને પ્રકાશના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ખુશી મિતેશ વરસાણી હ. હરજીભાઈ | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | પ્રજ્ઞાબા ટપુભા જાડેજા | નખત્રાણા | લગ્ન પ્રસંગ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | કલ્યાણ લખમણ રાબડીયા | રામપર વેકરા | નવા મકાનના વાસ્તુ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | અ.નિ. રાધાબાઈ વિશ્રામ કેરાઈ | રામપર-વેકરા | પિતૃ મોક્ષાર્થે પારાયણ નિમિત્તે ભેટ |






ડકાર (સેનેગલ) અને ગાંબીયાની સત્સંગ પ્રવાસે પધારેલા પાર્ષદ જાદવજીભગત આદિ સંતો



મિરઝાપુર શ્રી નરનારાયણદેવનો કુલદોલોત્સવ



સુખપર ધાર્મિક પરીક્ષા આપતી બાલીકાઓ



શ્રી નરનારાયણદેવનો કુલદોલોત્સવ-ભુજ





રામનવમી નિમિતે ૧૨ કલાની ધૂન કરતા બાળકો તથા સાંજે મહાઆરતીના દર્શન

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# શ્રી ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી (૧૫) મહોત્સવ માંડવી









